સુવિચાર
''પરિશ્રમની ધૂપસળીથી જ સફળતાની સુવાસ ફેલાવી શકાય છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૧૨/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ પોષ સુદ-૧૦ વર્ષ : ૧૭ અંક : ૦૧૫

## જનતા જનાર્દનને સ્વચ્છતા આપવામાં પાલિકાનાં શાસકો નિષ્ફળ

# અમરેલીમાં લાખો રૂપિયાનાં ખર્ચ બાદ પણ ગંદકીનો માહોલ દૂર થતો નથી

**એજન્સી નવી આવે કે નવા વાહનો આવે શહેરમાંથી ગંદકીનો માહોલ દૂર થતો જ નથી**

**સ્વચ્છતા અભિયાન અંતર્ગત પદાધિકારીઓ અને અધિકારીઓ ફોટોસેશન કરાવી સંતોષ માને**

**લાયબ્રેરી ચોકમાં આવેલ જુની પ્રાંત કચેરી પટાંગણમાં ગંદકીનાં ગંજ ખડકાયા**

**ગંદકીની વચ્ચે સેંકડો ગૌ-માતાનું દ્રશ્ય કેમેરામાં કેદ થયુ**



અમરેલી, તા. ૨૯

અમરેલીશહેરમાંથી ગંદકી દૂર કરવા માટે દર મહિને ૫૦ લાખથી વધુનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. તાજેતરમાં નવી એજન્સીને જવાબદારી સોંપવામાં આવી છતાં શહેરને સ્વચ્છ બનાવી શકાયું નથી.

શહેરીજનોને પેટે પાટા બાંધીને પાલિકાથી પાર્લામેન્ટનો ખર્ચ ભોગવે, દર મહિને ૩ હજારથી લઈને હજારો રૂપિયા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સરકારી તિજોરીમાં નાણા જમા કરાવે બદલામાં જનતાને સ્વચ્છતા સહિતની સુવિધા આપવાની જવાબદારી પાલિકાથી લઈને પાર્લામેન્ટનાં શાસકોની હોય છે.

અમરેલીમાં નવી એજન્સીને સફાઈનો કોન્ટ્રાકટ અપાયા બાદ હજુ પણ શહેરમાં અનેક સ્થળોએ ગંદકીનાં ગંજ ખડકાયા હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે અને પદાધિકારીઓ અને અધિકારીઓ સ્વચ્છ જગ્યાએ સ્વચ્છતાનું કાર્ય કરીને ફોટોસેશન કરાવીને સંતોષ માની રહ્યા છે.

શહેરનાં હાર્દસમાં લાયબ્રેરી ચોકમાં જુની પ્રાંત કચેરીનાં પટાંગણમાં રવિવારે સવારે ગંદકીનાં ગંજ અને તેને ફેંદતી સેંકડો ગાયોનું દ્રશ્ય ''અમરેલી એકસપ્રેસ''નાં કેમેરામાં કેદ થયું હોય પાલિકાની આરોગ્યશાખા શહેરમાં ગંદકી દૂર કરાવી સ્વચ્છતાનો માહોલ ઉભો કરીને શહેરીજનોને કરવેરાના બાદલામાં પ્રાથમિક સુવિધા આપે તે જરૂરી છે.

## બંધ મકાન કરીને બહાર જવું મુશ્કેલ બન્યુ

# વડિયાનાં કોલડા ગામે બંધ રહેણાંક મકાનમાંથી રૂપિયા ૩.૪૫ લાખનાં મુદ્દામાલની ચોરી

## સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૯

શિયાળાનાં દિવસોમાં ચોરીનાં બનાવોમાં વધારો જોવા મળ્યો છે. ત્યારે વડીયા તાલુકાના કોલડા ગામે માત્ર એક રાત્રીનાં બંધ રહેલ મકાનમાં કોઈ અજાણ્યા તસ્કરોએ ત્રાટકી

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી એકસપ્રેસ
હવેથી રાજુલામાં ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક મેળવવા, જાહેરખબર, અવસાન નોંધ તથા સમાચાર આપવા સંપર્ક કરો.
ધર્મેશભાઈ રૂપારેલ -Mo. 93161 69495

અમરેલી એકસપ્રેસ
હવેથી વીજપડીમાં ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક મેળવવા, જાહેરખબર, અવસાન નોંધ તથા સમાચાર આપવા સંપર્ક કરો.
દાદુભાઈ પીરભાઈ બેલીમ - Mo. 99094 71137

હાર્દિક શુભકામનાઓ..
અમરેલી જિલ્લા બાર એસોસિએશનમાં ત્રીજીવાર સેક્રેટરી બનવા બદલ અમારા લાડકવાયા શ્રી જે.આર.વાળા સાહેબ ને અમો હર્ષ અને ગૌરવની લાગણીસભર અભિનંદન સહ શુભકામનાઓ પાઠવીએ છીએ...
એડવોકેટ શ્રી જે.આર.વાળા
સેક્રેટરીશ્રી : બાર એસોસિએશન - અમરેલી
:શુભેચ્છક:
યુવરાજસિંહ પલવાર
તેજસભાઈ ધોણે
કમલેશભાઈ સોલંકી
અમિતભાઈ ભટ્ટ
સુનિલભાઈ રાજયગુરૂ
સુરેશભાઈ મકવાણા
હીરેનભાઈ કાલાવાડીયા
અમિતભાઈ વાળા
એડવોકેટ્સ - અમરેલી

ડોકટર હાઉસ અમરેલી ખાતે પ્રથમ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત — તા.૦૪/૦૧/૨૦૨૬ - રવિવાર, સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦
ડો. કોમલ ઉનડકટ — ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ, સ્ત્રી રોગ અને વ્યંધત્વના રોગોનાં નિષ્ણાંત — તા.૦૪/૦૧/૨૦૨૬ - રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો. સાગર ઘોડાસરા — ન્યુરો એન્ડ સ્પાઈન — તા.૦૧/૦૧/૨૦૨૬ - ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦
ડો. ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ — તા.૦૩/૦૧/૨૦૨૬ - શનિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૧:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલ્ટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

naari IVF
''નવી આશા, નવી યાત્રા''
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo. 78620 37707

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,26,000/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૯/૧૨/૨૦૨૫ ના રોજ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજીથી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમાધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
ડો.અભિષેક ઠાકર — આંખના સર્જન
ડો.સોનલબેન ઠાકર — ડેન્ટલ સર્જન
ડો.હર્ષિત ઠાકર
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
રોયલ કોમ્પ્લેક્ષની બાજુમાં ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

## થોડા દિવસો પહેલા મળેલ ગ્રામસભામાં ભારે હોબાળો થયા બાદ

# અંતે : લીલીયા ખાતે પૂનઃ ‘‘જી રામજી’’ અંગે ગ્રામસભા યોજાઈ

**ભૂગર્ભ ગટર, ‘‘નલ સે જલ’’ યોજનાને લઈને અગાઉ ભારે દેકારો થયો હતો**

**‘‘મનરેગા’’ યોજના હવે ‘‘જી રામજી’’ યોજના બનતા તે અંગે માર્ગદર્શન અપાયુ**

**ઈન્ચાર્જ સરપંચની આગેવાનીમાં અધિકારીઓની ઉપસ્થિતિમાં ગ્રામસભા સંપન્ન**

**ચાંપતાં પોલીસ બંદોબસ્ત વચ્ચે ગ્રામસભાનું આયોજન કરાયુ**



લીલીયા મોટા, તા. ૨૯

લીલીયા મોટા ખાતે ગત તા. ૨૫ ના રોજ મામલતદાર કચેરીના પટાંગણમાં ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયાની અધ્યક્ષતામાં ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્થાનિક ભૂગર્ભ ગટર પ્રશ્ન અને નલ સે જલ યોજના પ્રશ્ન આમ આદમી પાર્ટીના કાર્યકરો અને ગ્રામજનોએ ઉગ્ર રજૂઆત કરતા અને જવાબદાર અધિકારીઓની ગેરહાજરીમાં ગ્રામસભા રદ કરવા રોષભેર માંગણી ઉઠતા અંતે ગ્રામસભા રદ કરવાની ફરજ પડી હતી. ત્યારે આજરોજ તારીખ ૨૯/૧૨/૨૦૨૫ અને બપોરના ચાર કલાકે મામલતદાર કચેરીના પટાંગણમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવેલ હતુ. આ ગ્રામસભામાં જવાબદાર અધિકારી દ્વારા જી રામજી એકટ ૨૦૨૫ ની સમીક્ષા કરી માહિતી પૂરી પાડવામાં આવેલ. આ તકે ગ્રામસભા દ્વારા નલ સે જલ યોજનામાં ૧૫ માં નાણાપંચ ઓકટ્રોઈ, ગ્રાન્ટ સહિતઅન્ય યોજનાની ગ્રાન્ટ ન વાપરવા પણ ધારદાર રજૂઆત કરવામાં આવેલ. આ તકે તાલુકા વિકાસ અધિકારી પ્રતિનિધિ રાઠોડ, પીએસઆઈ વાય.એમ. જાડેજા, પી.જી.વી.સી.એલ. જુનિયર ઈજનેર એમ.ડી. રાઠોડ, વન વિભાગ અધિકારી રૂબીનાબેન, પાણી પુરવઠા કે.જે. ચૌહાણ, આરોગ્ય વિભાગ, આશા વર્કર, આંગણવાડી વર્કર, કન્યા શાળા આચાર્ય, કુમાર શાળા આચાર્ય સહિતના વિવિધ વિભાગના અધિકારી–કર્મચારી ગણ ઉપસ્થિત રહેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

---

### ઠંડીનાં માહોલમાં ચોરીનું દુષણ વધ્યુ

## વડિયાનાં કોલડા ગામે વૃધ્ધ ખેડૂતનાં બંધ મકાનમાંથી ચોરી

**રૂપિયા ૪૩,૭૦૦નાં મુદ્‌ામાલની ઉઠાંતરી**

અમરેલી, તા. ૨૯

વડિયા તાલુકાના કોલડા ગામે ખોડીયાર પ્લોટ વિસ્તારમાં રહેતા ચતુરભાઈ વલ્લભભાઈ કીકાણી નામનાં ૭૦ વર્ષિય વૃધ્ધ ખેડૂતનાં રહેણાંક મકાનના ગત તા. ૨૭નાં રાત્રે ૮થી તા. ૨૮નાં રોજ ૪ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા ચોર ઈસમે મુખ્યદરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી વૃધ્ધ ખેડૂતના મકાનના પ્રથમ રૂમના દરવાજાનો નકુચો ચોડી રૂમમાં રહેલ લોખંડના કબાટમાંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦ તેમજ ચાંદીની માળા જેની કિંમત રૂા. ૭૦૦ તેમજ કાનમાં પહેરવાના સોનાના દાણા નંગ–૩ નજેની કિંમત રૂપિયા ૩૦૦૦ તેમજ બાજુમાં રહેણાંક મકાનના તેમજ રૂમનાં તાળા તોડી રોકડ રૂપિયા ૫ હજાર તેમજ સોના–ચાંદીના દાગીનાની કુલ કિંમત રૂપિયા ૪૩,૭૦૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### સેવાભાવી અનુકંપા ફાઉન્ડેશન દ્વારા આગવું અભિયાન

## અમરેલીથી ૧૩ થી ૧૬ જાન્યુઆરી સુધી ૨૫૧ સિનીયર સિટીઝનનો યાત્રા પ્રવાસ યોજાશે

**ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયા યાત્રા પ્રવાસનું કરાવશે પ્રસ્થાન**

અમરેલી, તા. ૨૯

અમરેલી ખાતે ડો.ભરત કાનાબાર પ્રેરિત અનુકંપ ફાઉન્ડેશન દ્વારા જિલ્લાના ૧ હજાર વડીલ નાગરિકોને સોમનાથ – દ્વારકાની યાત્રા નિઃશુલ્ક કરાવવાનો સંકલ્પ કરાયેલ છે.

જે અંતર્ગત અત્યાર સુધીમાં ૭ બસો દ્વારા ૭૫૦ વડીલો યાત્રા કરી ચુકયા છે. ગત તા.૨૧ સપ્ટે–૨૦૨૫ સંસ્થા આયોજિત યાત્રાની પાંચ બસોને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ લીલી ઝંડી આપી પ્રસ્થન કરાવેલ.

આગામી ૧૩ થી ૧૬ જાન્યુ–૨૦૨૫ સુધી પુનઃ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં





૨૫૧ વડીલોને યાત્રા કરાવવાની હોય જે અંતર્ગત સાંસદ અને ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકીયા યાત્રા પ્રવાસને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવશે જે વડીલોની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ હોય તેઓએ માધુભાઈ આથુગીયા મો. ૯૬૬૨૫ ૩૨૮૨૪ વિરેનભાઈ મહેતા, મો.૯૮૭૯૩ ૪૦૬૪૨ નયનભાઈ જોષી મો.૯૪૨૮૭ ૯૫૧૫૧, અને પ્રિતેશભાઈ માનસેતા ૯૦૯૯૭ ૦૭૪૨૯ પર સંપર્ક કરવા જણાવાયું છે.

---

### ‘‘નો યોર માઈન્ડ પાવર’’ વિષય અંતર્ગત

## અમરેલી ખાતે પટેલ સંકુલ સ્થિત કોલેજનાં પ્રેરણાત્મક પ્રવચન યોજાયુ

**રાજયયોગ મેડિટેશનનો અનુભવ કરવામાં આવ્યો**

અમરેલી, તા. ૨૯

અમરેલી કાબરીયા આર્ટસ, વઘાસીયા કોમર્સ અને LPT બી.બી.એ. મહિલા કોલેજ, ખાતે બ્રહ્માકુમારી માઉન્ટ આબુ ‘‘નો યોર માઈન્ડ પાવર’’ (સંકલ્પ કા જાદુ) વિષય પર પ્રેરણાત્મક પ્રવચન યોજાયું. પ્રવચન દરમિયાન મનની શકિત, સકારાત્મક વિચારધારણા અને આત્મવિશ્વાસના મહત્વ અંગે માર્ગદશન આપ્યું. અંતે રાજયયોગ મેડિટેશનનો અનુભવ કરવામાં આવ્યો.



---

### મુળ ચલાલાના વતની અને

## લીલીયા : લોહાણા મહાજન અગ્રણી રસિકલાલ ઉનડકટનું અવસાન થયું

**અંતિમયાત્રામાં આગેવાનો જોડાયા**

ચલાલા,તા. ૨૯

મૂળ ચલાલાના રહેવાસી અને હાલ ઘણા વર્ષોથી લીલીયામાં રહેતા રઘુવંશી સમાજ અને લોહાણા મહાજનના સંનિષ્ઠ આગેવાન ગાંધી મેડિકલ વાળા રસિકલાલ જીવનલાલ ઉનડકટ (ઉં. વર્ષ ૮૫)નું દુઃખદ અવસાન તા. ૨૯/૧૨ સોમવારના થતા લીલીયા – ચલાલા પંથકમાં શોકસાથે દુઃખની લાગણી વ્યાપેલ છે.



સદ્‌ગત રસિકલાલ શાંત, સરળ,માયાળુ,પરોપકારી,અને મિલનસાર, સ્વભાવના હોવાથી સમસ્ત વેપારી આલમમાં દુઃખ સાથે શોકની લાગણી ફેલાયેલ છે. અને પોતાના સ્વજન ગુમાવ્યા નું દુઃખ વ્યક્ત કરી રહ્યા છે.

સદગત રસિકલાલ ઉનડકટ લોહાણા મહાજન સહિતની અનેક સામાજિક સંસ્થાઓમાં નિષ્ઠા અને પ્રમાણિકતાથી જવાબદારી વહન કરી સેવા કાર્ય કરેલ હતું.આજે લીલીયાના વેપારી આગેવાન રસિકલાલ ઉનડકટ નુ દુઃખદ અવસાન થતા લીલીયાના વેપારી ભાઈઓએ પોતાના ધંધા રોજગાર બંધ રાખી ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવી ઉનડકટ પરિવારના દુઃખમા સહભાગી બન્યા હતા સદગત રસિકલાલ ઉનડકટની આજે સવારે નીકળેલ સ્મશાન યાત્રામાં નગરરજનો ઠેર ઠેર ઉભા રહી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અને મોટી સંખ્યામાં વેપારી સહિત દરેક સમાજના આગેવાનો ઉપસ્થિત રહી તેઓએ કરેલા સેવા કાર્યોને યાદ કરી ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી.. સ્વર્ગસ્થ રસિકલાલ લીલિયા પંથકના મુક સેવક ગણાતા હતા. તેઓ હંમેશાં જરૂરીયાત મંદ લોકોને મદદરૂપ બનતા હતા.. તેઓ નાનપણથી જ જવાબદારી, ધીર ગંભીર, છતાં મુખ પર પ્રસન્નતા સરળ વાત અને વર્તન કરતા હતા.. તેઓ પ્રેરણાદાયક જીવન જીવી ગયા હતા.. તેઓ લીલીયાના યુવા તેજસ્વી રઘુવંશી અગ્રણી જયેશભાઈ ઉનડકટના પિતા, તેમજ ચંદુભાઈ ઉનડકટ ગોલ્ડન ટી ડેપો ચલાલા, ધીરૂભાઈ ઉનડકટ કુકાવાવ, સ્વ. દિનુભાઈ ઉનડકટ ચલાલા, સ્વ. નવલભાઈ ઉનડકટ ચલાલા, સુરેશભાઈ ઉનડકટ પૂર્વ મંત્રી ચેમ્બર ઓફ કોમર્સ, ચલાલાના મોટાભાઈ થાય. આજે લીલીયા જલારામ મંદિર ખાતે રાખેલ સદગતના ઉઠમણા અને પિયર પક્ષની સાદડીમાં પણ મોટી સંખ્યામાં રાજકીય સામાજિક આગેવાનો વેપારી મિત્રો નગરજનો અને વિશાળ ઉનડકટ પરીવારના સગા સ્નેહી સબંધીઓ ઉપસ્થિત રહી સમસ્ત ઉનડકટ પરિવારના દુઃખમાં સહભાગીબની સદગતના સત્કાર્યોને યાદ કરી સાંત્વના પાઠવી હતી. સદગતની સાદડી તા. ૧/૧/૨૦૨૫ ગુરૂવાર સાંજના ૪ થી ૬ ચલાલા લોહાણા મહાજન વાડીમાં રાખેલ છે.

---

## ભાજપનાં પ્રદેશ નવનિયુકત હોદ્દેદારોને શુભેચ્છા પાઠવતા મનિષ સંઘાણી

અમરેલી, તા. ૨૯

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સંગઠનના પદાધિકારીઓની ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ જગદીશ વિકર્માના માર્ગદર્શન હેઠળ નિયુકિત કરવામાં આવી હતી જેમાં ઉપાધ્યક્ષો, મહામંત્રીઓ, મંત્રીઓ, કોષાધ્યક્ષ, સહકોષાઅધ્યક્ષ, પ્રદેશ પ્રવકતા, મીડીયા ઈન્ચાર્જ, કાર્યાલય મંત્રી અને તમામ મોરચાના અધ્યક્ષઓને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણી દ્વારા શુભકામના સહ અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે, તેઓના કાર્યકાળ દરમિયાન



શિખરો સર કરે અને સમગ્ર ગુજરાતમાં ભગવો લેહરાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

---

### જિલ્લાનાં માર્ગો ઉપર સતત અકસ્માતનાં બનાવો

## ધારી : ગોવિંદપુર–સુખપુર માર્ગ ઉપર સામસામે બાઈક ટકરાતાં યુવકનું મોત

**પાંચધાર નજીક અકસ્માતની ઘટના બની**

અમરેલી, તા. ૨૯

આ કામના મરણ જનાર ભરતભાઈ પ્રેમજીભાઈ મકવાણા ગત તા. ૨૪નાં રોજ સાંજે આશરે ૫ વાગ્યા આસપાસ પોતાના હવાલાવાળી મોટર સાયકલ નં. જી.જે.–૧૪ બીએચ–૮૬૭૧નું લઈ ગોવિંદપુર ગામેથી સુખપુર ગામ તરફ જતાં હોય. તે વખતે ગોવિંદપુર ગામથી આશરે ત્રણ કિલોમીટર આગળ પાંચધાર પાસે પહોંચતા સામેથી આવતા એક મોટર સાયકલ નં. જી.જે.–૧૪ કે–૪૮૪૭નાં ચાલકે પોતાની મોટર સાયકલ પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી સામેના મોટર સાયકલ સાથે ભટકાવી દઈ માથાના ભાગે ગંભીર ઈજા (હેમરેજ) કરી ભરતભાઈ પ્રેમજીભાઈ મકવાણાનું મોત નિપજાવી દીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

### ૨૦ દિવસ પહેલા આગની ઘટના બનેલ

## બાબરાનાં વાવડા ગામે રસોઈ બનાવતાં દાઝી જતાં મહિલાનું સારવાર દરમિયાન મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૨૯

બાબરા તાલુકાનાં વાવડા ગામે રહેતા શોભાબેન હિંમતભાઈ ખીમાણી નામના ૪૦ વર્ષિય મહિલા ગત તા. ૧૦નાં સવારનાં આશરે ૬ વાગ્યે વાવડા ગામે પોતાના ઘરે રસોડામાં ચા બનાવવા માટે ગેસ ચાલુ કરતા ગેસના સ્ટવ કે તેની પાઈપમાંથી કોઈ કારણોસર ગેસનું લીકેઝ થયેલ હોય. જેથી આગ લાગતા મોટો બ્લાસ્ટ થતાં રસોડાના બારી–બારણા તૂટી જતાં તથા મહિલા શરીરે ગંભીર રીતે દાઝી જતા તેમને સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયેલ જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### ૪૦૦ વેપારીઓને ઘરનું ગુજરાન ચલાવવું હોય

## અમરેલીમાં દર રવિવારે ભરાતી ગુજરી બજારનાં વેપારીઓને પાલિકા નિયમાનુસાર જગ્યા ફાળવે

**અઠવાડીયે ભરાતી બજાર માટે પાલિકામાં રજુઆત**

અમરેલી, તા. ૨૯

અમરેલીમાં દર રવિવારે ભરાતી ગુજરી બજારમાં ૪૦૦ વેપારીઓને વૈકલ્પિ જગ્યા ફાળવવા સામાજિક કાર્યકતા ભરત કાતરીયાની આગેવાનીમાં ચીફ ઓફિસરને રજુઆત કરાતા તેઓએ યોગ્ય કરવા ખાત્રી આપી હતી.

શહેરના ગાંધીબાગ સામે દર રવિવારે ભરતી ગુજરી બજારમાં ૪૦૦ વેપારીઓ પાથરણા પાથરીને જુદી–જુદી ચીજ વસ્તુઓનું વેચાણ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહયા છે અને આ જગ્યા પર કાયમી ધોરણે અનેક વેપારીઓ મસમોટા સ્ટોલ કરીને વેપાર ધંધો કરતા હોવાથી ગુજરી બજારના વેપારીઓને



જગ્યાની મુશ્કેલી થતી હોવાથી પાલિકામાં નિયમાનુસાર ભાડુ ભરવાની શરત સાથે જગ્યા ફાળવવા માંગ કરેલ છે.

## પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડા સતત સરકાર પર કરે છે શાબ્દિક પ્રહારો

# ભાજપ સરકારે ''નલ સે જલ'' યોજનામાં ભ્રષ્ટાચાર કર્યાનો આક્ષેપ

**વર્ષોથી નળ નાખ્યા પરંતુ હજુ સુધી અનેક ઘરોમાં જળ પહોંચ્યા ન હોવાનો આક્ષેપ**

**છોટા ઉદેપુર જિલ્લામાં મોટાભાગનાં પુલ જર્જરિત અને ભયજનક**

**ભાજપનાં રાજમાં આદિવાસી સમાજનાં જળ, જમીન અને જંગલ સંકટમાં છે**

**ભાજપ સરકાર અને તેના મળતીયાઓ ખાતરની કાળાબજારી કરી રહ્યા છે : ડો. ચૌધરી**






અમદાવાદ, તા. ૨૯

જન આક્રોશ યાત્રાના નવમાં દિવસની શરૂઆત કવાંટથી કરવામાં આવી. ત્યારબાદ યાત્રા માનાવાંટ, પાનવડ, સીંગળા, પાદરવાંટ, સીમળ ફળિયા, મલધી, તેજગઢ, છોટાઉદેપુર, કુંડળ, ભીખાપુરા, જેતપુર, સિંહોદ, જબુગામ માર્ગે બોડેલી તરફ આગળ વધી. યાત્રા દરમિયાન રસ્તામાં સ્થાનિક નાગરિકોએ ઠેરઠેર યાત્રાનું ભવ્ય સ્વાગત કર્યુ.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું કે, ભાજપના રાજમાં મનરેગા અને નલ સે જલ યોજનામાં વ્યાપક કૌભાંડ થયું છે. છોટાઉદેપુર જિલ્લાના કટકાવાંટ, ચીમળી સહિતના અનેક ગામોમાં ૧૦ વર્ષ અગાઉ નલ સે જલ યોજના હેઠળ નળ નાખવામાં આવ્યા હતા, પરંતુ આજદિન સુધી નળોમાં પાણી પહોંચ્યું નથી. આથી સ્પષ્ટ થાય છે કે યોજનાના નામે કરોડો રૂપિયાની રકમ ખર્ચવામાં આવી હોવા છતાં ગ્રામજનોને પીવાનું પાણી મળતું નથી, જે ગંભીર ભ્રષ્ટાચાર અને વહીવટી નિષ્ફળતાનું જીવતું ઉદાહરણછે.

વિકાસના નામે આદિવાસી સમાજના જળ, જમીન અને જંગલ છીનવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. છોટાઉદેપુર જિલ્લામાં મોટાપાયે ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે. ગ્રામજનોની મંજૂરી વગર જ બારોબાર તલાટીઓ દ્વારા લીઝ ફાળવવામાં આવી રહી છે અને સ્પષ્ટ વિરોધ હોવા છતાં ખનન માફિયાઓ સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી રહી નથી, કારણ કે આ ભાજપના જ મળતિયાઓ છે જે ખનન કરી રહ્યા છે. ઉપરાંત, ત્રણ દાયકાથી વધુ સમયથી રાજયમાં ભાજપની સરકાર છે છતાં આજે પણ જિલ્લામાં કેટલાય એવા ગામો છે જયાં આજદિન સુધી રોડ કનેકિટવિટી નથી. વર્ષોથી વારંવાર રજૂઆતો કરવા છતાં ગામોને જોડતા રોડ-રસ્તાઓ અને પુલો બનાવવામાં આવ્યા નથી. ઈમરજન્સીમાં એમ્બ્યુલન્સ પહોંચી શકતી નથી, ચોમાસામાં આ ગામોનો સંપર્ક તૂટી જાય છે, સગર્ભા બહેનોના મોત થાય છે છતાં પણ સરકારના પેટનું પાણી હલતું નથી.

છોટાઉદેપુર જિલ્લામાં ખુલ્લેઆમ દારૂ વેચાય છે. અહીંના સ્થાનિકોનો આરોપ છે કે રોજ મોટી સંખ્યામાં દારૂની ગાડીઓ આવે છે. ખુદ પોલીસ જ મધ્યપ્રદેશ બોર્ડરથી ગુજરાતમાં દારૂ ઘુસાડે છે અને બુટલેગરોને રક્ષણ આપે છે. આ નશાના દૂષણને દૂર કરવા મહિલાઓ ખુદ રજૂઆત કરી રહી છે કે દારૂના કારણે યુવાઓ બરબાદ થઈ રહ્યા છે અને દારૂ બંધ થવો જોઈએ. ઉપરાંત, જયાં યાત્રા જાય છે ત્યાં બે-ચાર દિવસ અગાઉ અડ્ડાઓ બંધ થઈ જાય છે, પરંતુ યાત્રા આગળ વધે એટલે ફરી શરૂ થઈ જાય છે, કારણ કે હપ્તા લેવાયેલા હોય છે. ગૃહમંત્રી અને મુખ્યમંત્રીને કહેવા માંગીએ છીએ કે જો સરકાર દારૂ બંધ નહીં કરાવે તો જનતા તેનો અંત લાવવાની તૈયારી કરી ચૂકી છે.

સીએલપી નેતા ડો. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે, ભાજપના રાજમાં ખેડૂતોની હાલત ખૂબ જ ખરાબ થઈ ગઈ છે. સહકારી સંસ્થાઓમાં ભાજપના મળતિયાઓએ બેફામ લૂંટ મચાવી છે. છોટાઉદેપુર જિલ્લામાં એપીએમસી જેવી સંસ્થાઓનો ઉપયોગ ભાજપના લોકો માત્ર પોતાના સ્વાર્થ અને વેપાર માટે કરી રહ્યા છે. ગોડાઉનો વેપારીઓને નહીં પરંતુ પોતાના મળતિયાઓને જ ફાળવવામાં આવે છે. ઉપરાંત ખેડૂતોને ખાતર સમયસર મળતું નથી અને મોટાપાયે કાળાબજારી થઈ રહી છે. સાથે જ કપાસને યોગ્ય ભાવ ન મળતા ખેડૂત આર્થિક રીતે કંગાળ બની રહ્યા છે. સરકારની ખેડૂત વિરોધી નીતિઓના કારણે ખેડૂતો અનેક મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે.

આ પ્રસંગે સીએલપી નેતા ડો. તુષારભાઈ ચૌધરી, સહપ્રભારી બી.વી. શ્રીનિવાસ, પૂર્વ વિપક્ષ નેતા સુખરામભાઈ રાઠવા, છોટાઉદેપુર જિલ્લા પ્રમુખ શશિકાંત રાઠવા, પૂર્વ ધારાસભ્યો, વરિષ્ઠ આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો જોડાયા.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ફેશન પરિધાનના શોખીન બહેનો માટે ખુશ ખબર... ખુશ ખબર...
આધુનીક અને આજની ફેશનને અનુરૂપ ફેશનેબલ વસ્ત્રો બનાવવા માટે હવે અન્ય શહેરોમાં ન જતાં આપનાં અમરેલીમાં જ ''રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈનર'' આપની પસંદગીની ડીઝાઈનોમાં અત્યાધુનિક ફેશનબલ વસ્ત્રો બનાવી આપશે જેમાં અત્યાધુનિક સબ્યસાચી બ્લાઉઝ, ટીવી સીરીયલ તેમજ ફિલ્મો જેવા ગુજરાતી, મરાઠી, સાઉથ ઇન્ડિયન, મારવાડી સ્ટાઈલમાં વિવિધ ચણીયા ચોળી ડ્રેસ તેમજ બ્લાઉઝ -વનપીસ તમામ પ્રકારની ચોલી-ગાઉન વિગેરે અત્યાધુનિક ડિઝાઇન-ફેશનને અનુરૂપ ફોટા-વિડિયો ઉપરથી પણ ડિઝાઇનને અનુરૂપ બનાવી આપવામાં આવશે
રાધે લેડીઝ ટેઈલર & ડીઝાઈન
વૃંદાવન પાર્ક-૪, એસ.ટી.ડીવીઝન સામે, લાઠી રોડ - અમરેલી
મો.૬૩૫૫૫ ૭૬૯૯૯

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેકટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫'' ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઇક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેકટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલ્ટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફ્લોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

SABOO RKS
The Victorious Journey Begins...
MARUTI SUZUKI VICTORIS
PRICE STARTS AT 10.49* LAKHS
BOOK YOUR VICTORIS TODAY!
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
Alpha Autolink
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોકટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ. મસા. ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોકટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

Hero
DECEMBER DHAMAKA EXCHANGE OFFER
Premium Xtreme 160 ₹5000*
₹2500* Exchange Offer
*T & C Apply
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### સુપ્રીમ કોર્ટે ઉન્નાવ બળાત્કાર કેસમાં સ્ટે મુક્યો

# કુલદીપ સેંગરને મોટો ઝટકો, સુપ્રીમ કોર્ટે HCના આદેશ પર સ્ટે લગાવ્યો

### હાઈકોર્ટે દોષિત સેંગરની આજીવન કેદની સજા રદ કરી હતી અને તેમને શરતી જામીન આપ્યા હતા : CBI એ આ નિર્ણયને સુપ્રીમમાં પડકાર્યો હતો

નવી દિલ્હી, તા.૨૯

સુપ્રીમ કોર્ટે ઉન્નાવ બળાત્કાર કેસમાં સોમવારે (૨૯ ડિસેમ્બર, ૨૦૨૫) દિલ્હી હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મુક્યો હતો. હાઈકોર્ટે દોષિત કુલદીપ સેંગરની આજીવન કેદની સજા રદ કરી હતી અને તેમને શરતી જામીન આપ્યા હતા. સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જે.કે. મહેશ્વરી અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી વેકેશન બેન્ચ અરજી પર સુનાવણી કરી રહી છે. હાઈકોર્ટે સેંગરની સજા રદ કરી હતી અને તેમને શરતી જામીન આપ્યા હતા. જોકે, ઉન્નાવ બળાત્કાર પીડિતાના પિતાના કસ્ટોડિયલ મૃત્યુ સાથે સંકળાયેલા એક અલગ કેસમાં ૧૦ વર્ષની સજાને કારણે સેંગર જેલમાં છે. પીડિતા અને તેનો પરિવાર હાઈકોર્ટના નિર્ણયથી ભારે ગુસ્સે છે અને દિલ્હી હાઈકોર્ટની બહાર વિરોધ કરી રહ્યા છે.

સીબીઆઈનું પ્રતિનિધિત્વ કરતા એસજી તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સગીરા પર ભયાનક રીતે બળાત્કાર કરવામાં આવ્યો હતો અને હાઈકોર્ટે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (POCSO) ની કલમ ૫ને ધ્યાનમાં લીધી નથી. જસ્ટિસ જેકે મહેશ્વરીએ જણાવ્યું હતું કે કલમ ૩૭૬ પર પહેલાથી જ વિચારણા કરવામાં આવી છે. એસજી મહેતાએ જણાવ્યું હતું કે હાઈકોર્ટે ઘણા પાસાઓની અવગણના કરી છે, જેમાં એ હકીકતનો સમાવેશ થાય છે કે આ એક સગીર પીડિતા સાથે જોડાયેલો કેસ હતો.એસજી તુષાર મહેતાએ જણાવ્યું હતું કે સેંગરને બે કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા અને ઘટના સમયે પીડિતા ૧૬ વર્ષથી ઓછી ઉંમરની હતી. તેણી ૧૫ વર્ષ અને ૧૦ મહિનાની હતી અને સજા સામે અપીલ પેન્ડિંગ હતી. તેમણે જણાવ્યું હતું કે સજાનું કારણ સ્પષ્ટ હતું. બળાત્કાર એક જાહેર સેવક દ્વારા કરવામાં આવ્યો હતો અને સીબીઆઈએ તથ્યો અને પુરાવા સાથે આ સ્થાપિત કર્યું હતું. આ કેસ ૨૦૧૭નો છે, જ્યારે ઉત્તર પ્રદેશના તત્કાલીન ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગર પર ઉન્નાવ જિલ્લાની એક સગીર છોકરી પર બળાત્કારનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૨૦૧૯માં દિલ્હીની એક ટ્રાયલ કોર્ટે કુલદીપ સિંહ સેંગરને બળાત્કારનો દોષી ઠેરવ્યો અને તેને આજીવન કેદની સજા ફટકારી હતી. સેંગરને પીડિતાના પિતા અને સાક્ષીઓને પ્રભાવિત કરવાના કસ્ટોડિયલ મૃત્યુમાં પણ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. ૨૩ ડિસેમ્બરના રોજ દિલ્હી હાઈકોર્ટે સેંગરની અપીલ પેન્ડિંગ સજાને સ્થગિત કરી દીધી હતી અને તેને પહેલાથી જ પસાર થયેલા સમયગાળા (સાત વર્ષ અને પાંચ મહિના) અને કાનૂની આધારોનો ઉલ્લેખ કરીને શરતી જામીન પણ આપ્યા હતા. દિલ્હી હાઈકોર્ટે ૨૩ ડિસેમ્બર, મંગળવારે ઉન્નાવ રેપ કેસમાં દોષિત કુલદીપ સિંહ સેંગરની આજીવન કેદની સજા પર રોક લગાવતા તેમના જામીન આપી દીધા હતા. જસ્ટિસ સુબ્રમણ્યમ પ્રસાદ અને જસ્ટિસ હરીશ વૈધનાથન શંકરની બેન્ચે સેંગરને રાહત આપી હતી. જેથી પીડિત પરિવારમાં રોષ વ્યાપી ગયો હતો. હાઈકોર્ટના નિર્ણય બાદ આ મામલો ફરીથી ચર્ચામાં આવ્યો હતો. સીબીઆઈએ આ આદેશ વિરુદ્ધ કાનૂની લડાઈ ચાલુ રાખતા સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. CBIએ સુપ્રીમ કોર્ટને હાઈકોર્ટના સજા સ્થગિત કરવા અને જામીન આપવાના આદેશ પર પુનર્વિચાર કરવા વિનંતી કરી હતી.

### ચીન-પાકિસ્તાનની ઊંઘ હરામ !

# ભારતે ૭૯,૦૦૦ કરોડના સંરક્ષણ સોદાને આપી મંજૂરી

### રાજનાથ સિંહની અધ્યક્ષતામાં પ્રસ્તાવને મંજૂરી મળી

નવી દિલ્હી, તા.૨૯

ચીન અને પાકિસ્તાનની ઊંઘ હરામ થઈ જવાની છે, કારણ કે, કેન્દ્ર સરકારે ભૂમિસેના, નૌસેના અને વાયુસેનાને વધુ અત્યાધુનિક બનાવવા માટે ૭૯૦૦૦ કરોડના હથિયારો અને સિસ્ટમો ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પ્રસ્તાવને મંજૂરી મળી ગઈ છે. આ નિર્ણય ભારતની સૈન્ય તૈયારીઓના ભાગ રૂપે ખૂબ જ મહત્ત્વનો મનાઈ રહ્યો છે. પ્રસ્તાવ મુજબ, થલસેના માટે અત્યાધુનિક હથિયારો અને ડ્રોન વિરોધી સિસ્ટમ ખરીદવામાં આવશે. ભારતની ત્રણેય સેનાઓ માટે નવા શસ્ત્રો અને સાધનોની ખરીદી અંગે નિર્ણય લેનારી સર્વોચ્ચ સંસ્થા 'રક્ષા અધિગ્રહણ પરિષદે' અનેક મહત્ત્વના પ્રસ્તાવને મંજૂરી આપી છે. થલસેના માટે શું ખરીદવામાં આવશે? પ્રસ્તાવ મુજબ, ભારતીય થલસેના માટે 'લોઈટર મ્યુનિશન સિસ્ટમ' ખરીદાશે. આનાથી દુશ્મનના મહત્ત્વના ઠેકાણાઓ પર સરળતાથી હુમલો કરી શકાશે. આ ઉપરાંત 'લો-લેવલ લાઈટ વેટ રડાર' ખરીદવાની પણ મંજૂરી મળી ગઈ છે. આ રડારથી સરહદ પર ઉડતા કોઈપણ નાનાથી લઈને મોટા ડ્રોનને સરળતાથી શોધી શકાશે અને તેનો નાશ કરી શકાશે. એટલું જ નહીં તેનાથી ડ્રોનને ટ્રેક પણ કરી શકાશે. ભારતનું સ્વદેશી પિનાક રૉકેટ લોન્ચર માટે 'લૉન્ગ રેન્જ ગાઈડેડ રૉકેટ' તૈયાર કરવામાં આવશે. આનાથી તેની રેન્જ વધવાની સાથે ચોકસાઈ પણ વધશે. આનાથી છેક દૂર રહેલા દુશ્મનના ઠેકાણાને સરળતાથી ટાર્ગેટ કરી શકાશે. ડીલમાં ઈન્ટિગ્રેટેડ ડ્રોન ડિટેક્શન એન્ડ ઈન્ટરડિક્શન સિસ્ટમ Mk-IIનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ દુશ્મનોના ડ્રોનને સરળતાથી ઓળખી તેનો નાશ કરવાની ક્ષમતા ધરાવે છે.

નૌસેના માટે શું ખરીદવામાં આવશે?

આ સંરક્ષણ સોદાના કારણે નૌસેનાની તાકાતમાં પણ વધુ વધારો થશે. નૌસેના માટે બોલાર્ડ પુલ ટગ્સ ખરીદવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટગ્સ શક્તિશાળી નાનું જહાજ હોય છે અને તે મોટા જહાજોને મદદ કરે છે. ગમે તેટલું મોટું જહાજ હોય તેને ખસેડવામાં ટગ્સ ખૂબ જ ઉપયોગી છે. ટગ્સ મોટા જહાજને સુરક્ષિત રીતે અન્યત્ર ખસેડવામાં ક્ષમતા ધરાવે છે. યુદ્ધ વખતે 'હાઈ ફ્રીક્વન્સી સોફ્ટવેર ડિફાઈન્ડ રેડિયો' એટલે કે સંદેશાવ્યવહાર માટેની આ સિસ્ટમ ખૂબ જ મહત્ત્વની હોય છે. જો કોઈ ડેટા કે અવાજ સુરક્ષિત મોકલવો હોય તો તેનો ઉપયોગ થાય છે. આનાથી છેક દૂર સુધી સંદેશ મોકલી શકાય છે.ડીલમાં HALE ડ્રોનનો પણ ઉલ્લેખ છે. આ ડ્રોન ખૂબ જ ઊંચાઈ પર ૨૪ કલાકથી વધુ સમય સુધી સતત ઉડી શકે છે. આ ડ્રોનમાં હિંદમહાસાગરમાં સતત દેખરેખ રાખવાની, ગુપ્ત માહિતી આપવાની અને દરિયાઈ સુરક્ષા મજબૂત કરવાની ક્ષમતા છે.વાયુસેના માટે શું ખરીદવામાં આવશે? સંરક્ષણ ડીલ હેઠળ ભારતીય વાયુસેનાને અત્યાધુનિક 'ઓટોમેટિક ટેક-ઑફ અને લેન્ડિંગ રૅકોર્ડિંગ સિસ્ટમ'થી સજ્જ કરવામાં આવશે. આ સિસ્ટમ દરેક ઉડાનની હાઈ-ડેફિનેશન રૅકોર્ડિંગ કરે છે. જો કોઈ દુર્ઘટના બને અથવા ટેકનિકલ ખામી આવે, તો આ રૅકોર્ડિંગ દ્વારા ચોક્કસ કારણ જાણી શકાય છે અને ભવિષ્યમાં સુરક્ષા વધારી શકાય છે. તે દરેક ઋતુમાં કામ કરવા માટે સક્ષમ છે. વાયુસેનાને Astra Mk-2 મિસાઈલ પણ આપવામાં આવશે. આ મિસાઈલ છેક દૂર દેખાતાં દુશ્મનના વિમાનનો તોડી પાડવાની ક્ષમતા ધરાવે છે. સામાન્ય બોમ્બને સ્માર્ટ બોમ્બમાં ફેરવી શકતી ગાઈડેન્સ કીટ SPICE-1000 પણ વાયુસેનાને મળશે. આ કિટ લગાવ્યા બાદ બોમ્બ જીપીએસ અને લેઝર ગાઈડન્સની મદદથી દુશ્મનના ચોક્કસ ઠેકાણા પર પડે છે.

### જાહેર કરી ગાઈડલાઈન

# વિદ્યાર્થીઓના વધતા આપઘાતના કિસ્સામાં ગંભીર બની સરકાર

### રાજ્ય સરકારે કોલેજ અને યુનિવર્સિટીઓને આપ્યા નિર્દેશ મેન્ટલ હેલ્થ પોલિસી લાગુ કરવા સરકારે આપ્યા નિર્દેશ

ગાંધીનગર, તા.૨૯

વિદ્યાર્થીઓમાં હવે આપઘાતના કિસ્સા સતત વધી રહ્યાં છે. ત્યારે વિદ્યાર્થીઓ ના વધતા આત્મહત્યાના કિસ્સાને લઈને ગુજરાત સરકારે કોલેજો અને યુનિવર્સિટીઓ માટે દિશા નિર્દેશ જાહેર કર્યા છે. ગુજરાત સરકાર દ્વારા કોલેજો અને યુનિવર્સિટીઓ માટે મહત્વપૂર્ણ સમાચાર આવ્યા છે. સરકાર વિદ્યાર્થીઓના આત્મહત્યાના કિસ્સાઓને લઈને ગંભીર બની છે. તેથી રાજ્યમાં તમામ યુનિવર્સિટીઓ તથા કોલેજો માં મેન્ટલ હેલ્થ પોલિસી લાગુ કરવાની સૂચના જાહેર કરાઈ છે. જેમાં વિદ્યાર્થીઓના કાઉન્સિલિંગ કરવા પણ સૂચના અપાઈ.કોલેજ તથા યુનિવર્સિટીઓ પ્રતિ ૧૦૦ વિદ્યાર્થી એક કાઉન્સિલર રાખવા પડશે. ખાનગી કોચિંગ ઈન્સ્ટિટ્યુટમાં વિદ્યાર્થીઓને પર્ફોર્મન્સના આધારે અલગ રાખવાની પદ્ધતિ નહીં કરી શકાય. વિગતવાર ગાઈડલાઈન સાથે તમામ યુનિવર્સિટીઓ, કોલેજ તથા ખાનગી ઈન્સ્ટિટ્યુટને સૂચના અપાઈ. આ માટે શિક્ષણ વિભાગ દ્વારા વિગતવાર ગાઈડલાઈન બહાર પડાઈ છે. જે નીચે મુજબ છે. અમલીકરણ માટેની માર્ગદર્શિકા:સમાન માનસિક સ્વાસ્થ્ય નીતિ: બધી સંસ્થાઓ UMMEED ડ્રાફ્ટ માર્ગદર્શિકા, MANODARPAN પહેલ અને રાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ વ્યૂહરચના સાથે સુસંગત એક સમાન રાજ્ય-સ્તરીય માનસિક સ્વાસ્થ્ય નીતિ લાગુ કરશે.કાઉન્સિલરની નિમણૂંક અને તાલીમ: બધી સંસ્થાઓ બાળ અને કિશોર માનસિક સ્વાસ્થ્યમાં તાલીમ પામેલા ઓછામાં ઓછા એક લાયક કાઉન્સિલર, મનોવિજ્ઞાની અથવા સામાજિક કાર્યકરની નિમણૂંક કરશે. ૧૦૦ થી ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી સંસ્થાઓએ બાહ્ય માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકો સાથે ઔપચારિક રેફરલ વ્યવસ્થા સ્થાપિત કરવી જોઈએ.વિદ્યાર્થી દીઠ કાઉન્સેલરનું પ્રમાણ: સંસ્થાઓએ ૧૦૦ વિદ્યાર્થીઓ દીઠ ઓછામાં ઓછો એક કાઉન્સિલરનું પ્રમાણ જાળવવું પડશે. માર્ગદર્શન પ્રણાલીઓ સતત, અનૌપચારિક અને ગુપ્ત સહાય સુનિશ્ચિત કરશે, ખાસ કરીને પરીક્ષાઓ અને શૈક્ષણિક સંક્રમણો દરમિયાન.વિદ્યાર્થીઓનું અલગીકરણ નહીં: કોચિંગ સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ શૈક્ષણિક પ્રદર્શનના આધારે વિદ્યાર્થીઓને અલગ પાડવામાં નહિ આવે. તેમને જાહેરમાં અપમાનિત કરશે નહીં અથવા અવાસ્તવિક શૈક્ષણિક અપેક્ષાઓ સેટ કરશે નહીં.

તાત્કાલિક રેફરલ પ્રોટોકોલ : સંસ્થાઓ માનસિક સ્વાસ્થ્ય સેવાઓ અને નજીકની હોસ્પિટલોમાં તાત્કાલિક રેફરલ માટે લેખિત પ્રક્રિયાઓ સ્થાપિત કરશે. આત્મહત્યા નિવારણ હેલ્પલાઈન્સ (ટેલિ-માનસ સહિત) છાત્રાલયો, વર્ગખંડો, સામાન્ય વિસ્તારો અને સંસ્થાની વેબસાઈટ્સ પર મુખ્ય રીતે પ્રદર્શિત કરવામાં આવશે.ફરજિયાત તાલીમ - વર્ષમાં બે વાર: સંસ્થાઓએ ખાતરી કરવી જોઈએ કે શિક્ષણ અને શિક્ષણ સિવાયના કર્મચારીઓને વર્ષમાં ઓછામાં ઓછા બે વાર મનોવૈજ્ઞાનિક પ્રાથમિક સારવાર, ચેતવણી ચિહ્નોની ઓળખ, સ્વ-નુકસાન પ્રત્યે પ્રતિભાવ અને લાઈસન્સ પ્રાપ્ત માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતો દ્વારા રેફરલ પ્રક્રિયાઓમાં ફરજિયાત તાલીમ મળે.તમામ સ્ટાફ માટે સમાવિષ્ટ વર્તણૂકીય તાલીમ: સ્ટાફ સભ્યોને સંવેદનશીલ, સમાવિષ્ટ અને બિન-ભેદભાવપૂર્ણ રીતે વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે સંવેદનશીલ બનાવવામાં આવશે. ખાસ કરીને SC, ST, OBC, EWS, LGBTQ+ સમુદાયો, અપંગ વિદ્યાર્થીઓ, આઘાતથી બચી ગયેલા, શોકગ્રસ્ત વિદ્યાર્થીઓ, અગાઉ આત્મહત્યાના પ્રયાસો કરનારા વિદ્યાર્થીઓ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વિદ્યાર્થીઓ.ગુપ્ત રિપોર્ટિંગ અને નિવારણ પદ્ધતિઓ: સંસ્થાઓ જાતિ, વર્ગ, લિંગ, જાતીય અભિગમ, અપંગતા, ધર્મ અથવા વંશીયતાના આધારે જાતીય સતામણી, રેગિંગ, ગુંડાગીરી અને ભેદભાવના કેસોની જાણ કરવા અને તેને ઉકેલવા માટે મજબૂત, ગુપ્ત અને સરળતાથી સુલભ સિસ્ટમો સ્થાપિત કરશે. વિદ્યાર્થીની શારીરિક અને માનસિક સલામતીને પ્રાથમિકતા આપતા તાત્કાલિક મનોસામાજિક સહાય પૂરી પાડવામાં આવશે. ફરિયાદીઓ સામે કોઈ બદલો લેવાનો પ્રયાસ સહન કરવામાં આવશે નહીં.માતાપિતા પ્રત્યે સંવેદનશીલતા કાર્યક્રમો: સંસ્થાઓ માતાપિતા અને વાલીઓ માટે શારીરિક અને ઓનલાઈન માધ્યમો દ્વારા નિયમિત જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરશે જેથી તેઓ માનસિક સ્વાસ્થ્યની ચિંતાઓ ઓળખી શકે, શૈક્ષણિક દબાણ સમજી શકે અને તેમના બાળકોને સહાનુભૂતિપૂર્વક ટેકો આપી શકે. માનસિક સ્વાસ્થ્ય સાક્ષરતા અને જીવન કૌશલ્ય શિક્ષણને વિદ્યાર્થી અભિગમ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં સંકલિત કરવામાં આવશે.દસ્તાવેજીકરણ અને વાર્ષિક અહેવાલઃ સંસ્થાઓ અનામી રેકોર્ડ જાળવી રાખશે અને જરૂર પડે ત્યારે માનસિક સ્વાસ્થ્ય હસ્તક્ષેપો, રેફરલ્સ, તાલીમ કાર્યક્રમો અને સંબંધિત પ્રવૃત્તિઓ પર નિયમનકારી અધિકારીઓને વાર્ષિક અહેવાલ સબમિટ કરશે.અભ્યાસ ઈત્તર પ્રવૃત્તિઓનો પ્રચારઃ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા અને શૈક્ષણિક તણાવ ઘટાડવા માટે રાજ્ય-સ્તરીય કાર્યક્રમો જેમ કે SCOPE, ફિનિશિંગ સ્કૂલ, ખેલ મહાકુંભ, સપ્તધારા, NSS અને અન્ય સહિત અભ્યાસેતર પ્રવૃત્તિઓને પ્રાથમિકતા આપવામાં આવશે. કારકિર્દી પરામર્શ સેવાઓ: કોચિંગ સેન્ટરો અને તાલીમ સંસ્થાઓ સહિતની સંસ્થાઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને લાયક સલાહકારો દ્વારા નિયમિત કારકિર્દી પરામર્શ સેવાઓ પૂરી પાડશે. જેથી સારી રીતે જાણકાર, રસ-આધારિત કારકિર્દી પસંદગીઓને પ્રોત્સાહન મળે અને શૈક્ષણિક ચિંતા ઓછી થાય.

રહેણાંક સંસ્થાઓમાં નિવારક પગલાં: છાત્રાલયો અને રહેણાંક સુવિધાઓ ખાતરી કરશે કે કેમ્પસ પજવણી, ગુંડાગીરી, હાનિકારક પદાર્થો અને જોખમી વાતાવરણથી મુક્ત રહે. આવેગજન્ય સ્વ-નુકસાન વર્તન ઘટાડવા માટે ચેડા-પ્રતિરોધક છત પંખા અને છત અને બાલ્કનીમાં પ્રતિબંધિત પ્રવેશ જેવા સલામતી પગલાં અમલમાં મૂકવામાં આવશે.

### નાસ્તો કરતી વેળાએ ઢળી પડી, ૧૫ મિનિટમાં દમ તોડ્યો

# વ્યારાની સ્કૂલમાં ૧૬ વર્ષિય વિદ્યાર્થિનીનું રહસ્યમય મોત!

### સેજલને હોસ્પિટલ પહોંચાડવામાં આવે તે પહેલાં જ રસ્તામાં તેનું મોત નીપજ્યું : પરિવાર પર આભ તૂટી પડ્યું

તાપી, તા.૨૯

વ્યારાની ખાનગી સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી ૧૬ વર્ષીય વિદ્યાર્થિનીના મોતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માહિતી મુજબ વ્યારામાં ઈન્દુ ખાતે આવેલી એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલમાં આજે વહેલી સવારે આ કરુણ દુર્ઘટના બની હતી. જ્યાં હોસ્ટેલમાં રહેતી અને ધોરણ ૧૧માં અભ્યાસ કરતી આ વિદ્યાર્થિનીનું અચાનક ઢળી પડ્યા બાદ મોત નીપજ્યું છે. ક્રિસમસની રજાઓ પૂરી કરીને ગઈકાલે જ સ્કૂલે આવેલી દીકરીના મોતના સમાચારથી તેના પરિવાર પર આભ તૂટી પડ્યું છે. વિગતવાર વાત કરીએ તો, વ્યારાના જેતવાડી ગામની વતની સેજલકુમારી રાકેશભાઈ ગામીત (ઉં.વ. ૧૬) આ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતી હતી. આજે વહેલી સવારે ૮:૦૦ વાગ્યાના અરસામાં સેજલ હોસ્ટેલથી નાસ્તો કરવા માટે જઈ રહી હતી. ત્યારે તે અચાનક જ જમીન પર ઢળી પડી હતી, બાદમાં વિદ્યાર્થિની બેભાન થતા જ સ્કૂલના સ્ટાફે દોડી આવીને પ્રિન્સિપાલના ખાનગી વાહનમાં તેને તાત્કાલિક વ્યારા રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. જોકે કમનસીબે, સેજલને હોસ્પિટલ પહોંચાડવામાં આવે તે પહેલાં જ રસ્તામાં તેનું મોત નીપજ્યું હતું. ઢળી પડ્યા બાદ માત્ર ૧૫થી ૨૦ મિનિટના ટૂંકા ગાળામાં જ તેણે દમ તોડી દીધો હતો. ત્યારે હોસ્પિટલના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી, જે સમાચાર સામે આવતા જ સ્કૂલના સ્ટાફ અને વિદ્યાર્થીઓમાં ભારે ગમગીન વાતાવરણ છવાયું છે.નોંધનીય છે કે, સેજલ નાતાલ (ક્રિસમસ)ની રજાઓ ગાળવા માટે પોતાના ઘરે ગઈ હતી અને રજાઓ પૂર્ણ થતા તે ગઈકાલે રવિવારે સાંજે જ હોસ્ટેલમાં પરત ફરી હતી. ત્યારે આજે સોમવારના સમયે હજુ તો અભ્યાસ શરૂ થાય તે પહેલા જ કુદરતે તેની જિંદગી છીનવી લીધી હતી. જે ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો વ્યારા રેફરલ હોસ્પિટલ ખાતે પહોંચી ગયો હતો.હાલ આ વિદ્યાર્થિનીનું કયા કારણસર મોત થયું તે અંગેનું સ્પષ્ટ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, ત્યારે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વિદ્યાર્થિનીના મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) માટે મોકલી આપ્યો છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ સત્તાવાર રીતે મોતના કારણનો ખુલાસો થશે. ત્યારે યુવા વયે વિદ્યાર્થિનીઓના આ પ્રકારે થતા આકસ્મિક મોતે શિક્ષણ જગત અને વાલીઓમાં ચિંતા જન્માવી છે.

# ગુજરાત ATS અને રાજસ્થાન પોલીસનું મેગા ઓપરેશન

ચંદીગઢ, તા.૨૯

ગુજરાત ATS એ નશાના કાળા કારોબાર વિરુદ્ધ વધુ એક મોટી સફળતા મેળવી છે. ગુજરાત છ્જી અને રાજસ્થાન પોલીસના SOGએ એક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને રાજસ્થાનના ખેરથલ જિલ્લાના ભીવાડી ખાતે ચાલતી એક ગેરકાયદે ડ્રગ્સ ફેક્ટરી ઝડપી પાડી છે. ૨૮મી ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પાડવામાં આવેલા આ દરોડામાં કરોડોની કિંમતનો નશાકારક પદાર્થ અને કેમિકલનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર, ભીવાડીના RIICO ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલી APL Pharma નામની કંપનીમાં નશાકારક પદાર્થોનું ઉત્પાદન કરવામાં આવતું હતું. બાતમીના આધારે ગુજરાત ATS અને રાજસ્થાન પોલીસે આ ફેક્ટરી પર રેડ કરી હતી. તપાસ દરમિયાન ફેક્ટરીમાંથી કુલ ૨૨ કિલોગ્રામ નશીલા પદાર્થોનો જથ્થો મળી આવ્યો હતો, જેમાં ૫ કિલો અલ્પ્રાઝોલમ અને ૧૭ કિલો પ્રાઝેપામ તથા ટેમાઝેપમનું મિશ્રણ સામેલ છે. ડ્રગ્સ બનાવવામાં વપરાતા વિવિધ પ્રતિબંધિત કેમિકલ્સ અને સાધનસામગ્રી પણ પોલીસે કબજે કરી છે. આ ફેક્ટરી ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી હોવાથી કોઈને શંકા ન જાય તે રીતે ત્યાં ડ્રગ્સનું ઉત્પાદન ચાલતું હતું. આ મામલે ભીવાડી ફેઝ-૩ (UIT) સેક્ટર-૩ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ ઓપરેશનમાં પોલીસે કુલ ત્રણ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે, જેમાં અંશુલ શાસ્ત્રી, અખિલેશ કુમાર મૌર્ય અને કૃષ્ણકુમાર યાદવનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ફેક્ટરીમાં કામ કરતાં અન્ય ત્રણ શ્રમિકોને પણ અટકાયતમાં લેવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે અંશુલ શાસ્ત્રી પોતાની અંશ ટ્રેડિંગ નામની કંપની દ્વારા કાચો માલ પૂરો પાડતો હતો, જ્યારે અખિલેશ મોર્ય તેનો ભાગીદાર હતો. ક્રિષ્નાકુમાર યાદવ અલ્પ્રાઝોલમ બનાવવાની પ્રક્રિયાનો જાણકાર હોવાથી તે ફેક્ટરીમાં ઉત્પાદન સંભાળતો હતો. આ તૈયાર માલ તેઓ સની યાદવ નામના શખસને વેચતા હતા. આ રેકેટમાં અન્ય કેટલા લોકો સામેલ છે અને નાણાકીય વ્યવહારો કેવી રીતે થતા હતા તે અંગે પોલીસ હાલ સઘન પૂછપરછ કરી રહી છે.

# ડગ બ્રેસવેલનું ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સંન્યાસનું એલાન

વેલિંગ્ટન, તા.૨૯

ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર ડગ બ્રેસવેલે અચાનક ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી સંન્યાસનું એલાન કર્યું છે. ૩૫ વર્ષીય ખેલાડીએ છેલ્લે ૨૦૨૩માં ન્યૂઝીલેન્ડ માટે ટેસ્ટ મેચ રમી હતી. પાંસળીની સતત ઈજાને કારણે તે આ સિઝનમાં સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ્સ માટે રમી નહોતો શક્યો, તેના જ કારણે બ્રેસવેલે આ નિર્ણય લીધો. બ્રેસવેલે ૨૦૧૧થી ૨૦૨૩ વચ્ચે ૨૮ ટેસ્ટ, ૨૧ વનડે અને 20 T20 મેચ રમી છે. તેના કરિયરની સૌથી યાદગાર ક્ષણ તેની ત્રીજી જ ટેસ્ટ મેચમાં આવી હતી, જે ડિસેમ્બર ૨૦૧૧માં હોબાર્ટમાં રમાયી હતી, જ્યારે તેણે ૯ વિકેટો લઈને ન્યૂઝીલેન્ડને ૨૬ વર્ષમાં ઓસ્ટ્રેલિયામાં પ્રથમ ટેસ્ટ જીત અપાવી હતી. તે તે દેશમાં તેની છેલ્લી ટેસ્ટ જીત પણ છે. એકંદરે, બ્રેસવેલની ઘાતક મીડિયમ પેસ બોલિંગે તેને ૨૮ ટેસ્ટમાં ૩૮.૮૨ની એવરેજથી ૭૪ વિકેટો અપાવી. તેણે ન્યૂઝીલેન્ડ માટે વ્હાઈટ બોલ મેચોમાં પણ ૪૬ વિકેટ ઝડપી હતી. સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ્સના એક નિવેદનમાં બ્રેસવેલે કહ્યું કે, આ મારા જીવનનો એક ગૌરવપૂર્ણ હિસ્સો રહ્યો છે અને એક યુવાન ક્રિકેટર તરીકે મેં તેનું સ્વપ્ન જોયું હતું. હું ક્રિકેટ દ્વારા મને મળેલી તકો અને પોતાના દેશ માટે રમવાની તક માટે હું હંમેશા આભારી રહીશ. આ સાથે જ મારા સમગ્ર ઘરેલુ કારકિર્દી દરમિયાન સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ્સ માટે રમવાની તક માટે પણ હું આભારી રહીશ. ફર્સ્ટ-ક્લાસ અને ઈન્ટરનેશનલ ક્રિકેટ રમવું એ એક સૌભાગ્યની વાત છે અને હું આભારી છું કે મેં આટલા લાંબા સમય સુધી રમત રમી અને તેનો આનંદ માણ્યો.સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટ્સ માટે ઘરેલુ ક્રિકેટ ઉપરાંત બ્રેસવેલ IPL 2012માં દિલ્હી ડેરડેવિલ્સ (હવે કેપિટલ્સ), SA20 2024માં જોબર્ગ સુપર કિંગ્સ અને આ વર્ષની શરૂઆતમાં ગ્લોબલ સુપર લીગમાં સેન્ટ્રલ સ્ટેગ્સ માટે પણ રમ્યો હતો.બ્રેસવેલે ન્યૂઝીલેન્ડમાં ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૪૦૦૦થી વધુ રન અને ૪૦૦થી વધુ વિકેટ લેવાના દુર્લભ રેકોર્ડ બનાવીને નિવૃતિ લીધી. ઓફસ્પિનર જીતન પટેલ એકમાત્ર અન્ય ખેલાડી છે જેમણે આ ડબલ સિદ્ધિ હાંસલ કરી છે. પોતાના ૧૩૭ મેચના ફર્સ્ટ-ક્લાસ કરિયરમાં બ્રેસવેલે ૩૧.૦૮ની એવરેજથી ૪૩૭ વિકેટ લીધી અને ત્રણ સદી સહિત ૨૫.૪૫ની એવરેજથી ૪૫૦૫ રન બનાવ્યા હતા.

### ભારત સરકારનું સન્માન કરું છું : લલિત મોદી

# સૌથી મોટા ભાગેડુ વાળા વીડિયો પર લલિત મોદીએ માંગી માફી

### આ વીડિયોમાં બંને પોતાને ભારતના સૌથી મોટા ભાગેડુ તરીકે ઓળખાવતા જોવા મળ્યા હતા, જેની ટીકા થઈ હતી

લંડન, તા.૨૯

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના પૂર્વ અધ્યક્ષ લલિત મોદીએ ભાગેડુ ઉદ્યોગપતિ વિજય માલ્યા સાથે લંડનમાં પાર્ટી કરતા એક વીડિયો માટે સોશિયલ મીડિયા પર માફી માંગી છે. આ વીડિયોમાં બંને પોતાને ભારતના સૌથી મોટા ભાગેડુ તરીકે ઓળખાવતા જોવા મળ્યા હતા, જેની દેશનું અપમાન કરવા બદલ વ્યાપકપણે ટીકા થઈ હતી.ભાગેડુ લલિત મોદીએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તેણે કેપ્શન લખ્યું હતું, ભારતમાં ફરીથી ઈન્ટરનેટ તોડીએ. જન્મદિવસની શુભકામનાઓ, મારા મિત્ર #VijayMallya. લવ યુ. સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં લલિત મોદી કહેતા સંભળાય છે, અમે બે ભાગેડુ છીએ, ભારતના સૌથી મોટા ભાગેડુ, જ્યારે વિજય માલ્યા હસી રહ્યા છે. આ પાર્ટી માલ્યાના ૭૦મા જન્મદિવસની ઉજવણી માટે લંડનના બેલગ્રેવ સ્ક્વેરમાં આવેલા મોદીના નિવાસસ્થાને યોજાઈ હતી.આ વીડિયો વાઈરલ થયા બાદ સોશિયલ મીડિયા પર ભારે હોબાળો મચી ગયો હતો. યુઝર્સે આને ભારત સરકાર અને કાયદાની ખુલ્લેઆમ મજાક ગણાવી હતી. વધતા વિવાદને પગલે લલિત મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર માફી માંગી હતી. તેણે લખ્યું, જો મેં કોઈની, ખાસ કરીને ભારત સરકારની લાગણીઓને ઠેસ પહોંચાડી હોય તો હું માફી માંગુ છું, જેમના માટે મને ખૂબ જ આદર અને સન્માન છે. નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું હતું અને તેનો ઈરાદો ક્યારેય એવો નહોતો જે રીતે તે દર્શાવવામાં આવ્યું. ફરી એકવાર મારી હૃદયપૂર્વકની માફી.આ મામલે વિદેશ મંત્રાલયે પણ સખત વાંધો ઊઠાવ્યો હતો. મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, અમે ભાગેડુઓને પાછા લાવવા માટે પ્રતિબદ્ધ છીએ, અને અમે તેમના પ્રત્યાર્પણ માટે દેશોના સંપર્કમાં છીએ, અને પ્રક્રિયાઓ ચાલી રહી છે. જેમ તમે જાણો છો, આમાંના ઘણા કેસોમાં કાનૂની પ્રક્રિયાના ઘણા સ્તરો સામેલ છે.વિજય માલ્યા તેની બંધ થઈ ગયેલી એરલાઈન કિંગફિશર માટે લીધેલી લોન સંબંધિત છેતરપિંડી અને મની લોન્ડરિંગના આરોપમાં ભારતમાં વોન્ટેડ છે. જ્યારે લલિત મોદી IPLના શરૂઆતના વર્ષોમાં અધ્યક્ષ હતા ત્યારે નાણાકીય ગેરરીતિ અને અનિયમિતતાના આરોપોનો સામનો કરી રહ્યા છે. બંને અનુક્રમે ૨૦૧૬ અને ૨૦૧૦માં ભારત છોડીને ભાગી ગયા હતા.

### વૃંદાવન ન આવવાની અપીલ

# નવા વર્ષ પહેલા દેશભરના મંદિરોમાં ભક્તોનો મહેરામણ, VIP દર્શન બંધ

### ૨૦૨૬ની શરુઆત પહેલા મોટી સંખ્યામાં લોકો વિવિધ યાત્રાધામોમાં દર્શન કરવા માટે ઉમટી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૯

વર્ષ ૨૦૨૫ના અંતની ઘડીઓ વાગી રહી છે. ૨૦૨૬ની શરુઆત પહેલા મોટી સંખ્યામાં લોકો વિવિધ યાત્રાધામોમાં દર્શન કરવા માટે ઉમટી રહ્યા છે. એવામાં હજુ તો પહેલી જાન્યુઆરીએ લાખોની સંખ્યામાં ભક્તો ઉમટી પડે તેવી શક્યતા છે. ત્યારે ઉજ્જૈન, વૈષ્ણોદેવી અને બાંકે બિહારી મંદિર સહિતના યાત્રાધામોમાં મોટા નિર્ણય લેવાયા છે. કાશી વિશ્વનાથ : વારાણસીના કાશી વિશ્વનાથ ધામ, ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિર, મથુરાના બાંકે બિહારી મંદિરમાં આજથી જ ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં આવેલા મહાકાલ મંદિરમાં ૨૭ ડિસેમ્બરથી ૫ જાન્યુઆરી સુધી VIP દર્શન પર રોક લગાવવામાં આવી છે. ગર્ભગૃહ માત્ર પૂજારીઓને જ પ્રવેશ આપવામાં આવશે. તિરુપતિ બાલાજી : આંધ્ર પ્રદેશના તિરુપતિ બાલાજી મંદિરમાં ૩૦ ડિસેમ્બરથી પહેલી જાન્યુઆરી સુધી જેમણે ઍડ્વાન્સ બુકિંગ કરાવ્યું હોય તેમને જ દર્શન કરવા મળશે. જેટલા ટોકન આપવાના હતા તે અપાઈ ગયા છે અને કાઉન્ટર પણ બંધ કરી દેવાયા છે. અયોધ્યા : અયોધ્યામાં મોટા ભાગની હોટલ અને ધર્મશાળાઓનું બુકિંગ થઈ ગયું છે. પહેલી જાન્યુઆરી સુધીના તમામ ટોકન (પાસ) વેચાઈ ગયા છે. શિરડી : મહારાષ્ટ્રના શિરડી સાંઈ બાબા મંદિરમાં ૩૧ ડિસેમ્બરે આખી રાતે ભક્તો બાબાના દર્શન કરી શકશે. બાબાના દર્શન માટે એક સોનાની બારી રાખવામાં આવી છે. જ્યાંથી ભક્તો બાબાના મુખ દર્શન કરી શકશે. વૈષ્ણોદેવી : વૈષ્ણોદેવી મંદિરમાં ૩૧ ડિસેમ્બર અને પહેલી જાન્યુઆરીએ ઈહૈંઢ કાર્ડ હોય તેવા ભક્તોને જ દર્શનની અનુમતિ રહેશે. કાર્ડ મળે તેના ૧૦ કલાકમાં યાત્રા શરુ કરવી પડશે અને ૨૪ કલાકની અંદર પાછા નીચે આવી જવું પડશે. મથુરા : મથુરાના બાંકે બિહારી મંદિરે એડવાઈઝરી જાહેર કરી ભક્તોને ૫ જાન્યુઆરી સુધી વૃંદાવન ન આવવા અપીલ કરી છે. મંદિરે કહ્યું છે કે ભારે ભીડની શક્યતાને જોતાં હોય તો ૫ જાન્યુઆરી સુધી વૃંદાવનની યાત્રા ન કરશો.

### મેક્સિકોમાં દર્દનાક દુર્ઘટના

# ટ્રેન પાટા પરથી ઉતરી ખીણમાં ખાબકી; ૧૩ મુસાફરના મોત, ૯૮ ઈજાગ્રસ્ત

### મેક્સિકન નેવીના જણાવ્યા અનુસાર, દુર્ઘટના સમયે ટ્રેનમાં ૯ ક્રૂ મેમ્બર અને ૨૪૧ મુસાફરો સવાર હતા, કુલ ૨૫૦ લોકોમાંથી ૧૩૯ લોકો સુરક્ષિત છે

મેક્સિકો, તા.૨૯

મેક્સિકોના દક્ષિણી રાજ્ય ઓક્સાકામાં રવિવારે એક અત્યંત દર્દનાક ટ્રેન દુર્ઘટના બની હતી. લગભગ ૨૫૦ લોકોને લઈ જઈ રહેલી એક ઈન્ટરઓશનિક ટ્રેન નિજાંદા શહેર પાસે પાટા પરથી ઉતરી ગઈ હતી. આ ભીષણ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૩ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે ૯૮ અન્ય લોકો ઘાયલ થયા છે. આ અકસ્માતે મેક્સિકોના મહત્વાકાંક્ષી રેલ પ્રોજેક્ટની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. પ્રમુખ ક્લાઉડિયા શીનબામે સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે વરિષ્ઠ અધિકારીઓને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે જેથી પીડિત પરિવારોને શક્ય તમામ મદદ કરી શકાય.મેક્સિકન નેવીના જણાવ્યા અનુસાર, દુર્ઘટના સમયે ટ્રેનમાં ૯ ક્રૂ મેમ્બર અને ૨૪૧ મુસાફરો સવાર હતા. કુલ ૨૫૦ લોકોમાંથી ૧૩૯ લોકો સુરક્ષિત હોવાનું જણાવાયું છે. ઈજાગ્રસ્તોમાંથી ૫ની હાલત અત્યંત ગંભીર છે, જ્યારે લગભગ ૩૬ લોકોની વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે.ઓક્સાકાના ગવર્નર સાલોમન જારા ક્રુઝે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને કહ્યું છે કે રાજ્યની એજન્સીઓ કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરી રહી છે. એટર્ની જનરલ અર્નેસ્ટિના ગોડોય રામોસે પુષ્ટિ કરી છે કે અકસ્માતના કારણો જાણવા માટે ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. તે તપાસવામાં આવી રહ્યું છે કે શું આ કોઈ તકનીકી ખામી હતી કે રેલવે ટ્રેકના સમારકામમાં કોઈ ખામી રહી ગઈ હતી.જે ટ્રેન સાથે આ અકસ્માત થયો તે મેક્સિકોના સૌથી મોટા અને મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સમાંથી એકનો ભાગ છે. આ કોરિડોરને પનામા નહેરના વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યો છે, જે મેક્સિકોના પ્રશાંત મહાસાગર અને ખાડીના કિનારાને જોડે છે. આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન વર્ષ ૨૦૨૩માં પૂર્વ રાષ્ટ્રપતિ લોપેઝ ઓબ્રેડોરના કાર્યકાળમાં થયું હતું, જેનો મુખ્ય હેતુ દક્ષિણ મેક્સિકોમાં આર્થિક વિકાસ અને વેપારના માળખાને આધુનિક બનાવવાનો હતો. જોકે, આટલી મોટી દુર્ઘટનાએ મુસાફરોના વિશ્વાસને હચમચાવી દીધો છે, અને હવે પ્રશાસન પર આ સમગ્ર કોરિડોરના સેફ્ટી ઓડિટનું દબાણ વધી ગયું છે.

### પાટણમાં કાર્યાલયને કરાઈ તાળાબંધી

# કોંગ્રેસના કાર્યકર્તાઓએ જ કર્યો જિગ્નેશ મેવાણીનો વિરોધ

**જીગ્નેશ મેવાણી વિરુદ્ધ કાર્યાલય પર લાગ્યા નારા**

પાટણ, તા.૨૯

કોંગ્રેસના યુવા નેતા જિગ્નેશ મેવાણી સામે હવે પોતાના જ પક્ષમાં બળવો થઈ રહ્યો છે. કોંગ્રેસનો ઉગતો સિતારો કહેવાતા વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીનો પાટણમાં વિરોધ થયો છે. મેવાણીના વિરોધમાં કોંગ્રેસના કાર્યકર્તાઓએ કાર્યાલયને તાળાબંધી કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પાટણમાં જિલ્લા કોંગ્રેસના જ કાર્યકર્તાઓએ જિલ્લા કોંગ્રેસ કાર્યાલયને તાળા માર્યા છે. જેનું કારણ છે જિગ્નેશ મેવાણી. વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીના વિરૂધ્ધમા કોંગ્રેસના જ કાર્યકર્તાઓએ કાર્યાલયને તાળાબંધી કરી છે. મેવાણીના વિરોધમાં કાર્યાલય પર નારા લાગ્યા હતા.

અનુસૂચિત જાતિ મોરચાના પાટણ જીલ્લા પ્રમુખ તરીકે સિદ્ધપુરના જયાબેન શાહને બનાવવામાં આવતા કાર્યકર્તાઓમાં ઉગ્ર વિરોધ થયો છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિતચાવડા, અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ હિતેન્દ્ર પીઠડીયા તેમજ સ્થાનિક ધારાસભ્યો સુધી રજુઆત કર્યા બાદ પણ નિવેડો ના આવતા વિરોધના સૂર ઉઠ્યા હતા. પાટણ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે અનુસૂચિત જાતિ મોર્ચાના પાટણ જિલ્લાના પૂર્વ પ્રમુખ હસમુખ સક્સેના દ્વારા સભા યોજી વિરોધ પ્રદર્શન કર્યું.

સુરત કોંગ્રેસને મોટો ઝટકો મળ્યો છે. ગંભીર આક્ષેપો સાથે ૧૧ મહિલા સભ્યોએ રાજીનામા આપ્યા છે. મહિલા સભ્યોએ શહેર પ્રમુખ અસભ્ય વર્તન કરતા હોવાની વ્યથા ઠાલવી છે. કોંગ્રેસ સંગઠનમાં આંતરિક અસંતોષ હવે ખુલ્લેઆમ બહાર આવ્યો છે. કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા સામે ગંભીર આક્ષેપો સાથે મહિલા કોંગ્રેસની પાંખની સભ્યો દ્વારા રાજીનામું આપી દેવામાં આવ્યું છે. તો બીજી તરફ કોંગ્રેસ પ્રમુખ દ્વારા તમામ આક્ષેપો ફગાવાયા છે. અમીરગઢ તાલુકાના વિવિધ રસ્તાઓનું ખાતમુહર્ત મંત્રી કરે તે પહેલા કોંગ્રેસના ધરાસભ્યએ ખાત મુહુર્ત કરતા વિવાદ સર્જાયો હતો.

વન પર્યાવરણ મંત્રી પ્રવીણ માળી અમીરગઢ તાલુકાના કપાસિયા અને સરોત્રાના રસ્તાનું ખાત મુહુર્ત કરવાના હતા. મંત્રી ખાતમુહર્ત કરવા આવે તે પહેલા જ દાંતાના કોંગ્રેસના ધારાસભ્ય કાંતિ ખરાડીએ ખાતમહુર્ત કર્યું હતું. જે રસ્તાઓ ૬૦ વર્ષથી બનેલા છે તે રસ્તાઓ રી ફ્રેશિંગનું મંત્રી ખાત મહુર્ત કરવા આવે તે પહેલા મેં વહેલી સાવરે ૩ જગ્યાઓ પર ખાતમુહર્ત કર્યું તેવું કાંતિ ખરાડીએ જણાવ્યું હતું.

### T૨૦ વર્લ્ડ કપ ટીમમાં ચાન્સ નથી મળ્યો

# રાજકોટમાં ધ્રૂવ જુરેલે તોફાની સદી ફટકારી

**ધ્રૂવ જુરેલ ૧૦૧ બોલમાં ૧૫ ચોગ્ગા અને ૮ છગ્ગાની મદદથી ૧૬૦ રન બનાવીને અણનમ રહ્યો હતો**

રાજકોટ, તા.૨૯

ભારતીય વિકેટકીપર-બેટ્સમેન ધ્રુવ જુરેલે વિજય હઝારે ટ્રોફીમાં પોતાની વિસ્ફોટક બેટિંગનો પરચો આપતા પોતાની લિસ્ટ-એ કારકિર્દીની પ્રથમ સદી ફટકારી દીધી છે. ઉત્તર પ્રદેશ (UP) તરફથી બરોડા સામે રાજકોટમાં રમાઈ રહેલી મેચમાં, જુરેલે ૧૦૧ બોલમાં ૧૬૦ રનની અણનમ અને તોફાની ઈનિંગ રમી હતી. ઉલ્લેખનીય છે કે T20 વર્લ્ડકપ માટેની ટીમ ઈન્ડિયામાં ધ્રૂવ જુરેલને પણ સ્થાન નથી મળ્યું. લાગે છે કે એનો જ ગુસ્સો એણે રાજકોટમાં વિજય હઝારે ટ્રોફીમાં બતાવતા પસંદગીકારોને જડબાતોડ જવાબ આપ્યો છે.

૨૪ વર્ષીય ધ્રુવ જુરેલે નંબર-૩ પર બેટિંગમાં આવીને બરોડાના બોલરો પર શરૂઆતથી જ વળતો પ્રહાર કર્યો હતો. તેણે મેદાનની ચારે બાજુ ચોગ્ગા અને છગ્ગાનો વરસાદ વરસાવ્યો. પોતાની સદી માત્ર ૭૮ બોલમાં પૂર્ણ કર્યા બાદ, તેણે વધુ આક્રમક રમત બતાવી અને અંતે ૧૦૧ બોલમાં ૧૫ ચોગ્ગા અને ૮ છગ્ગાની મદદથી ૧૬૦ રન બનાવીને અણનમ રહ્યો. આ તેની લિસ્ટ-એ કારકિર્દીની પ્રથમ સદી છે. ધ્રુવ જુરેલની આ શાનદાર સદી ઉપરાંત, કેપ્ટન રિંકુ સિંહે પણ ૬૩ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. ઓપનર અભિષેક ગોસ્વામીએ ૫૧ રનનું યોગદાન આપ્યું. આ સંયુક્ત પ્રદર્શનના આધારે ઉત્તર પ્રદેશની ટીમે નિર્ધારિત ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૩૬૯ રનનો વિશાળ સ્કોર બનાવ્યો.

ધ્રુવ જુરેલ આ સમગ્ર ટુર્નામેન્ટમાં શાનદાર ફોર્મમાં છે. આ સદી પહેલા, તેણે હૈદરાબાદ અને ચંદીગઢ સામેની શરૂઆતની બે મેચોમાં પણ અર્ધસદી ફટકારી હતી. ઉલ્લેખનીય છે કે, જુરેલ તાજેતરમાં દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સામેની વનડે સિરીઝ માટે ભારતીય ટીમનો ભાગ હતો, પરંતુ તેને પ્લેઈંગ ઈલેવનમાં રમવાની તક મળી ન હતી.

ધ્રુવ જુરેલનું આ શાનદાર ફોર્મ IPL ફ્રેન્ચાઈઝી રાજસ્થાન રોયલ્સ (RR) માટે સારા સમાચાર છે. જુરેલ IPLમાં રાજસ્થાન રોયલ્સનો મહત્વનો ખેલાડી છે અને આગામી સિઝન માટે ફ્રેન્ચાઈઝીએ તેને રિટેન પણ કર્યો છે. તેની આક્રમક બેટિંગ જોતા રાજસ્થાન રોયલ્સનું મેનેજમેન્ટ ચોક્કસપણે ખુશ થશે.

### કહ્યું- ભાજપની જેમ તેમણે પણ દગો કર્યો

# ઉદ્ધવ ઠાકરે સેનાએ આપ્યો કોંગ્રેસ મુક્ત મુંબઈનો નારો

**શિવસેના (UBT)ના પ્રવક્તા આનંદ દુબેએ પ્રહાર કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ અમારી પીઠમાં છરો ભોંક્યો**

મુંબઈ, તા.૨૯

આગામી ૧૫ જાન્યુઆરીએ મુંબઈ મહા નગર પાલિકા (BMC) સહિત મહારાષ્ટ્રની ૨૯ નગર પાલિકાઓની ચૂંટણી યોજાવાની છે, પરંતુ તે પહેલા જ વિપક્ષી એકતાના લીરેલીરા ઊડતા જોવા મળી રહ્યા છે. શિવસેના(ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) પક્ષે કોંગ્રેસ પર ગંભીર આક્ષેપો કરતા મુંબઈમાં કોંગ્રેસ મુક્ત મુંબઈનો નારો બુલંદ કર્યો છે. શિવસેના (UBT)ના પ્રવક્તા આનંદ દુબેએ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ અમારી પીઠમાં છરો ભોંક્યો છે. પહેલા ભાજપે આ કામ કર્યું હતું અને હવે કોંગ્રેસ પણ એ જ કરી રહી છે. મુંબઈની જનતા આ બધું જોઈ રહી છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે કોંગ્રેસ માત્ર તુષ્ટિકરણની રાજનીતિ કરી રહી છે. જે વંચિત બહુજન અઘાડી સામે કોંગ્રેસ આખી જિંદગી લડી, આજે તેની સાથે ગઠબંધન કરીને તેને ૬૦થી વધુ બેઠકો આપી મોટો ભાઈ બનાવવાનો પ્રયાસ કરી રહી છે. આનંદ દુબેએ વંચિત બહુજન અઘાડીના અસ્તિત્વ પર સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, મુંબઈમાં જે પક્ષનો કોઈ ઈતિહાસ નથી તેની સાથે કોંગ્રેસે ગઠબંધન કેમ કર્યું તે સમજાતું નથી. તેમણે આક્ષેપ કર્યો હતો કે, આ બધું મુંબઈના હિત વિરુદ્ધ રચાયેલું એક મોટું ષડયંત્ર છે, જેમાં વંચિત અઘાડી અને કોંગ્રેસ બંને ભાજપની B ટીમ તરીકે કામ કરી રહ્યા હોય તેવું જણાય છે. વધુમાં તેમણે આત્મવિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, આગામી ૧૬ તારીખે જ્યારે પરિણામો આવશે ત્યારે આ પક્ષોનો સંપૂર્ણ સફાયો થઈ જશે.

મહાવિકાસ અઘાડી (MVA) અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું કે, તે ગઠબંધન રાજ્ય અને કેન્દ્ર સરકાર માટે હતું, પરંતુ આ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી છે. આ ચૂંટણીમાં રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે સાથે છે. તેમણે ચેતવણી આપતા કહ્યું કે, જે અમારી સાથે આવશે તેનું સ્વાગત છે, પરંતુ જે અમારી સામે લડશે તેને મહાભારતના યુદ્ધની જેમ બાણોથી વીંધી નાખવામાં આવશે. હવે મુંબઈમાં માત્ર એક જ નારો છે – કોંગ્રેસ મુક્ત મુંબઈ.

### યુપીની સ્કૂલોમાં રજા, MP-ઝારખંડમાં કાતિલ ઠંડી

# દેશભરમાં શીતલહેર: ઉત્તર ભારત ગાઢ ધુમ્મસના સકંજામાં

**ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર વિઝિબિલિટી ઘટીને માત્ર ૫૦ મીટર રહી ગઈ હતી**

નવી દિલ્હી, તા.૨૯

દેશભરમાં હાલ હાડ થીજવતી ઠંડી અને શીતલહેરનો પ્રકોપ યથાવત્ છે. પહાડી વિસ્તારોમાં થયેલી હિમવર્ષા અને તાપમાનમાં મોટા ઘટાડાને કારણે મેદાની વિસ્તારોમાં જનજીવન પ્રભાવિત થયું છે. સોમવારે સવારે દેશની રાજધાની દિલ્હીમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું, જેના કારણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ (IGI) એરપોર્ટ પર વિઝિબિલિટી ઘટીને માત્ર ૫૦ મીટર રહી ગઈ હતી, જેની સીધી અસર ફ્લાઈટ કામગીરી પર પડી છે. ઉત્તર ભારત ધુમ્મસની ચાદરમાં લપેટાયું ઉત્તર પ્રદેશ અને પંજાબમાં કડકડતી ઠંડીએ લોકોને ધ્રુજાવી દીધા છે. યુપીના આગ્રા, મેરઠ અને ગોરખપુર સહિત ૩૭ જિલ્લાઓમાં હવામાન વિભાગે અત્યંત ગાઢ ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે, તેમજ સ્કૂલોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. પંજાબના એસબીએસ નગરમાં લઘુતમ તાપમાન ૨.૪ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે અમૃતસર, લુધિયાણા અને પટિયાલામાં પણ પારો ૫થી ૬ ડિગ્રીની વચ્ચે રહ્યો હતો. હરિયાણાના રેવાડીમાં વિઝિબિલિટી એટલી ઓછી હતી કે ૧૦-૧૫ મીટર દૂર જોવું પણ મુશ્કેલ બન્યું હતું.

ઝારખંડ અને બિહારમાં સ્થિતિ ગંભીર ઝારખંડના પ્રવાસન સ્થળ મેક્લુસ્કીગંજમાં રવિવારે પારો ગગડીને ૦.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો, જેના કારણે સમગ્ર વિસ્તાર શીતલહેરની ઝપેટમાં આવી ગયો છે. બિહારમાં પણ પટના સહિત ૨૫ જિલ્લાઓમાં 'કોલ્ડ ડે' જેવી સ્થિતિ સર્જાઈ છે. જહાનાબાદ, ગયા અને બક્સર જેવા વિસ્તારોમાં ભીષણ ઠંડીને કારણે લોકો ઘરમાં કેદ રહેવા મજબૂર બન્યા છે. રાજસ્થાનના પણ મોટાભાગના શહેરોમાં તાપમાન સિંગલ ડિજિટમાં નોંધાયું છે.

૩૦ ડિસેમ્બર: પંજાબ, હરિયાણા, યુપી અને બિહાર સહિતના રાજ્યોમાં ઠંડીનું જોર યથાવત રહેશે અને સવારે ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે.

૩૧ ડિસેમ્બર: ધુમ્મસમાં થોડી રાહત મળી શકે છે, પરંતુ મધ્યમ ઠંડી ચાલુ રહેશે. ૧ જાન્યુઆરી (નવું વર્ષ): નવા વર્ષના પ્રારંભે પહાડી રાજ્યોમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની શક્યતા છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં હિમવર્ષા અને હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે, જ્યારે મેદાની વિસ્તારોમાં ઠંડીનો ચમકારો યથાવત્ રહેશે.

### 'સંદેસે આતે હૈં'નું નવું વર્ઝન ૨ જાન્યુઆરીએ લોંચ થશે

# બોર્ડર ૨નું 'ઘર કબ આઓગે' લોંગેવાલામાં બીએસએફના જવાનો સાથે લોંચ થશે

**બોર્ડર ૨માં સન્ની દેઓલ ફરી એક વખત જોવા મળશે, જે લેફ્ટનન્ટ કર્નલ ફતેહ સિંઘ કાલેરના રોલમાં જોવા મળશે**



મુંબઈ, તા.૨૯

બોર્ડર ફિલ્મનું સૌથી યાદગાર અને ખુબ લોકપ્રિય ગીત 'સંદેસે આતે હૈં' નવા રંગરૂપમાં ફરી 'બોર્ડર ૨'માં આવી રહ્યું છે. તે ફિલ્મ માટે પણ એક મહત્વની બાબત છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે ગીતનું નવું વર્ઝન ૨ જાન્યુઆરીએ ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધ સ્થળ લોંગેવાલા ખાતે બોર્ડર સિક્યોરિટી ફોર્સના જવાનો સાથે લોંચ કરવામાં આવશે. જેસલમેર પાસે આવેલા તનોટ માતા મંદિર અને બેબલિઆન ખાતે તેના માટે એક ખાસ ઈવેન્ટનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ટૂંક સમયમાં આ ગીતનો એક નાનો પ્રમોશનલ વીડિયો પણ લોંચ કરવામાં આવશે. લોંગેવાલા ખાતે આ ગીતને લોંચ કરવા પાછળ ભાવનાત્મક અને ઐતિહાસિક મહત્વ રહેલું છે. કારણ કે ૧૯૯૭માં આવેલી ઓરિજિનલ બોર્ડર ત્યાંની ઘટનાઓ પરથી પ્રેરિત ફિલ્મ હતી અને એ સ્થળો પર બીએસએફના જવાનો સાથે ગીત લોંચ કરવું એ ભારતીય સેનાને એક શ્રદ્ધાંજલિ છે. સાથે જ તનોટ માતા મંદિર અને બેબલિયાનનું દેશભક્તિની રીતે પણ ઘણું મહત્વ છે, જે ગીતનો બલિદાન, ફરજ અને સંસ્મરણોનો જુસ્સો પણ જીવંત કરે છે. મહત્વની વાત એ પણ છે કે જુના 'સંદેસે આતે હૈં' ગીચને હવે બોર્ડર ૨માં 'ઘર કબ આઓગે' નામ આપવામાં આવ્યું છે, આ બાબતે સેન્સર વબોર્ડ દ્વારા અપાયેલા સર્ટિફિકેટ પરથી માહિતી મળે છે. આ ગીતને સેન્સરે કોઈ પણ કટ વિના પાસ કરી દીધું છે, જે ૩ મિનિટ અને ૨૩ સેકન્ડનું ગીત છે.

આ ગીતમાં મૂળ જુના ગીતના લાગણીઓને અકબંધ રાખીને નવા સ્વરુપમાં સેનાના જવાનો અને તેમના પરિવારોને શ્રદ્ધાંજલિ આપવામાં આવશે. 'સંદેસે આતે હૈ' ગીતમાં વિરહ, પરિવારથી વિખુટા પડવાની પીડા અને દેશભક્તિની લાગણીઓ દરેક દેશવાસીઓને સ્પર્શી ગઈ હતી. દરેક પેઢીના લોકોને આ ગીત શબ્દસઃ યાદ હોય છે, ત્યારે હવે નવું વર્ઝન એવું હોવું જોઈએ જે જુના ગીતની અપેક્ષાઓ પર ખરું ઉતરે. ત્યારે ઘર કબ આઓગેમાં પણ અંગત ફરજો સાથે સૈનિકો અને તેમના પરિવારોની લાગણીઓને કેન્દ્રમાં રાખવામાં આવી છે. બોર્ડર ૨માં સન્ની દેઓલ ફરી એક વખત જોવા મળશે, જે લેફ્ટનન્ટ કર્નલ ફતેહ સિંઘ કાલેરના રોલમાં જોવા મળશે. તે ઉપરાંત વરુણ ધવન મેજર હોંશિયાર સિંહ દહિયા, તો દિલિજિત દોસાંજ ઈન્ડિયન એરફોર્સના ઓફિસર ફ્લાઈંગ ઓફિસર નિર્મલજીત સિંધ સેખોં તરીકે, અહાન શેટ્ટી ઈન્ડિયન નેવીના ઓફિસર લેફટનન્ટ કમાન્ડર આલ્બેડ નોરોન્હાના રોલમાં જોવા મળશે. તેમના ઉપરાંત આ ફિલ્મમાં મોના સિંઘ, મેધા રાણા, સોનમ બાજવા, આન્યા સિંઘ પણ આ અધિકારીઓની પત્નીઓના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ના દિવસે રિલીઝ થશે.

### સ્કૂલ ફી મામલે હવે નહિ ચાલે શાળાની મનમાની!

# ગુજરાતની ૫,૭૮૦ શાળાઓની ફી ઓનલાઈન જાહેર કરાઈ

**હવે રાજ્યની ખાનગી સ્કૂલો ફી છુપાવી નહીં શકે : FRCએ ૫,૭૮૦ સ્કૂલની ફી ઓનલાઈન જાહેર કરી**

ગાંધીનગર, તા.૨૯

સ્કૂલ ફી મામલે હવે શાળાઓની મનમાની નહિ ચાલે. સાથે જ હવે ખાનગી શાળાઓ ફી છુપાવી પણ નહિ શકે. કારણ કે, ગુજરાતની ૫,૭૮૦ ખાનગી શાળાઓની ફી નક્કી કરાઈ છે, અને તે FRC ની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હવે સ્કૂલ ફી મામલે FRC કડક બની છે. વધુ પ્રમાણમાં વસૂલાતી ફીને કારણે અને તેના પર અંકુશ મૂકવા માટે ફી રેગ્યુલેટરી કમિટી (FRC)એ મોટો અને પારદર્શક નિર્ણય લીધો છે. જેમાં રાજ્યની ૫૭૮૦ ખાનગી શાળાઓએ કેટલી ફી વસૂલવી તેની માહિતી હ્લઈઝની સત્તાવાર વેબસાઈટ પર મૂકી દેવાઈ છે. જેથી દરેક વાલી આ વેબસાઈટ થકી સ્કૂલ ફી ચેક કરી શકશે.

આ વિશે અમદાવાદના ડીઈઓ રોહિત ચૌધરીએ જણાવ્યું કે, FRC અમદાવાદ ઝોનલે ૫૮૦૦ થી વધુ શાળાઓને ફી મંજૂરી આપી છે. વાલીઓ ઓનલાઈન અને ડેસ્ક બોર્ડ ઉપર શાળાની FRC દ્વારા મંજુર કરેલી ફી જાણી શકાશે. ઘણી શાળાઓમાં ફીમાં ઘટાડો કરવામાં આવ્યો હોય તેવી શાળાઓએ ફી પરત અથવા એડજેસ્ટ કરી આપવી પડશે. શાળાઓએ હ્લઈઝ દ્વારા જાહેર કરવામાં આવેલા ઓર્ડરનું પાલન કરવું પડશે.

જોકે કેટલીક શાળાઓ ફી ઘટાડાના આદેશ સામે અપીલ માટે જાય તેવી શક્યતા છે. http://frcgujarat.org/ પરથી તમારી સ્કૂલનું નામ સર્ચ કરીને તેની ફીની વિગતો જાણી શકાય છે.

હવે FRCની વેબસાઈટ પર ફી જાહેર થતાં વાલી-વિદ્યાર્થીઓ સરળતાથી માહિતી મેળવી શકશે. જો કોઈ સ્કૂલ નિયત ફી કરતાં વધુ રકમ વસૂલશે તો શિક્ષણ વિભાગમાં સીધી ફરિયાદ કરી શકાશે, જેના કારણે ગેરરીતિ કરનાર સંચાલકો સામે કાર્યવાહી સરળ બનશે.

### પ્રથમ વખત ૨.૫૧ લાખને પાર પહોંચ્યા બાદ મોટો ઘટાડો

# માત્ર એક કલાકમાં ૨૧૦૦૦ રુપિયા તૂટ્યો ચાંદીનો ભાવ

**ભૂરાજકીય તણાવ ઓછો થવા અને યુક્રેન-રશિયા યુદ્ધ અંગેના સકારાત્મક સંકેતો વચ્ચે ચાંદીના ભાવમાં મોટો ઘટાડો થયો**

નવી દિલ્હી, તા.૨૯

સોમવારે ભૂરાજકીય તણાવ ઓછો થવા અને યુક્રેન-રશિયા યુદ્ધ અંગેના સકારાત્મક સંકેતો વચ્ચે ચાંદીના ભાવમાં મોટો ઘટાડો થયો. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનિયન પ્રમુખ વ્લાદિમીર ઝેલેન્સકી વચ્ચેની સકારાત્મક વાતચીતથી રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતામાં વધારો થયો જેના કારણે સલામત સ્વર્ગ ગણાતી ચાંદી પર અસર પડી હતી. ઈન્ટ્રાડે ટ્રેડિંગના માત્ર એક કલાકમાં જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ચાંદીના ભાવ લગભગ રૂ.૨૧,૦૦૦ પ્રતિ કિલોગ્રામ ઘટીને રૂ.૨૩૩,૧૨૦ ની નીચે આવી ગયા હતા. ચાંદી અગાઉ રૂ.૨૫૪,૧૭૪ પ્રતિ કિલોગ્રામની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયા પછી આ નોંધપાત્ર ઘટાડો થયો.

આંતરરાષ્ટ્રીય બજારમાં પણ ચાંદીમાં વધઘટ જોવા મળી. સોમવારે શરૂઆતના કારોબારમાં તે પહેલીવાર $80 પ્રતિ ઔંસ પર પહોંચી ગઈ, પરંતુ પ્રોફીટ બુકિંગના દબાણને કારણે $75 પ્રતિ ઔંસની આસપાસ ઘટી ગઈ. જોકે, વૈશ્વિક સ્તરે ચાંદી પ્રત્યે રોકાણકારોની ભાવના મજબૂત રહે છે. વાસ્તવમાં, મજબૂત રોકાણકારોની માંગ અને સકારાત્મક વૈશ્વિક સંકેતોને કારણે વાયદાના વેપારમાં સોમવારે ચાંદીના ભાવમાં સતત છઠ્ઠા સત્રમાં રેકોર્ડ વધારો નોંધાયો. MCX પર માર્ચ ૨૦૨૬ ના ડિલિવરી કોન્ટ્રેક્ટનો ભાવ ૧૪,૩૮૭ રૂપિયા અથવા લગભગ છ ટકા વધીને ૨,૫૪,૧૭૪ રૂપિયા પ્રતિ કિલોગ્રામના ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યો. આંતરરાષ્ટ્રીય બજારોમાં મજબૂતાઈને કારણે વેપારીઓએ ચાંદીની મોટા પાયે ખરીદી કરી જેનાથી ભાવને ટેકો મળ્યો.આ દરમિયાન, સોનાના ભાવમાં પણ વધારો ચાલુ રહ્યો. MCX પર ફેબ્રુઆરી ૨૦૨૬ ના ડિલિવરી કોન્ટ્રેક્ટ ૩૫૭ રૂપિયા અથવા ૦.૨૬ ટકા વધીને ૧૦ ગ્રામ દીઠ ૧,૪૦,૨૩૦ રૂપિયાના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચ્યો. શુક્રવારે અગાઉ, સોનું ૧૦ ગ્રામ દીઠ ૧,૪૦,૪૬૫ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યું હતું.

કિંમતી ધાતુઓએ પણ વૈશ્વિક બજારોમાં પોતાની ચમક જાળવી રાખી. કોમેક્સ પર સોનાનો વાયદો ૦.૩૫ ટકા વધીને $4,536.80 પ્રતિ ઔંસના નવા રેકોર્ડ પર પહોંચ્યો, જ્યારે ચાંદીનો વાયદો ૭.૦૯ ટકા વધીને $82.67 પ્રતિ ઔંસના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યો.ડોલરની નબળાઈ અને યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાના સંકેતો પણ બજારને ટેકો આપી રહ્યા છે. આવી પરિસ્થિતિઓમાં, રોકાણકારો સલામત આશ્રયસ્થાનો તરફ વળી રહ્યા છે, જેની સીધી અસર MCX પર સોના અને ચાંદીના ભાવ પર પડી રહી છે.

### સર્વે નંબર અને નકશામાં ગોટાળા

# લીંબડીના રાસકા ગામે સોલાર પ્લાન્ટમાં કરોડોના ભ્રષ્ટાચારના લાગ્યા આક્ષેપ

**જમીન સંપાદનથી લઈને કેનાલની તોડફોડ સુધીના મામલે ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે**

સુરેન્દ્રનગર,તા.૨૯

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાના રાસકા ગામે નિર્માણ પામેલા વિશાળ સોલાર પ્લાન્ટમાં ગંભીર ગેરરીતિઓ અને ભ્રષ્ટાચારના આક્ષેપો ઉઠતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. જમીન સંપાદનથી લઈને કેનાલની તોડફોડ સુધીના મામલે ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે.

લીંબડીના રાસકા ગામની 'રાઈની સીમ' તરીકે ઓળખાતી આશરે ૪૫૦ વીઘા (૧૬૦ એકર) જમીનમાં આ સોલાર પ્લાન્ટ ઉભો કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં સાથણીની જમીનોના પ્રીમિયમ ભરવાના નામે ખેડૂતો સાથે છેતરપિંડી કરી જમીનો ખરીદવામાં આવી હોવાના આક્ષેપ થયા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, ડી.એલ.આર.ઓ. કચેરીમાંથી ખોટા નકશા ઉભા કરી, જે જમીનોના સર્વે નંબર અસ્તિત્વમાં નહોતા તેમાં પણ મોટા પાયે ગોટાળા કરીને જમીન હડપી લેવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ સમગ્ર પ્રક્રિયામાં સરકારી નિયમોના લીરેલીરા ઉડાડવામાં આવ્યા હોવાના આક્ષેપ સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યા છે.

સોલાર પ્લાન્ટના નિર્માણ દરમિયાન નર્મદા કેનાલની પસાર થતી પાઈપલાઈનોમાં પણ મોટા પ્રમાણમાં તોડફોડ કરવામાં આવી છે. જેના કારણે ખેડૂતોને સિંચાઈના પાણી માટે મુશ્કેલી પડી રહી છે. સ્થાનિકોએ આ મામલે ઉચ્ચ કક્ષાએ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### પવારે કહ્યું પરિવાર એકજૂટ

# ભાજપે સાથ છોડતાં ૨ વર્ષ બાદ કાકા-ભત્રીજાની વચ્ચે ગઠબંધન

**પૂણેમાં પણ સાથે મળીને ચૂંટણી લડવાનો નિર્ણય લીધો**

મુંબઈ, તા.૨૯

મહારાષ્ટ્રમાં નગર નિગમની ચૂંટણીને લઈને રાજકારણ ગરમાયું છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) અને કાકા શરદ પવારની NCP (શરદ પવાર જૂઠ) એ હવે પૂણેમાં પણ સાથે મળીને ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. આ પહેલા ડેપ્યુટી સીએમ અજિત પવારે પિંપરી-ચિંચવાડ નગર નિગમની ચૂંટણી માટે બંને પક્ષો વચ્ચે ગઠબંધનની જાહેરાત કરી હતી. ડેપ્યુટી સીએમએ રવિવારે કહ્યું હતું કે પરિવાર એક સાથે આવી ગયો છે. સીનિયર પવારના પૌત્ર અને NCP(SP)ના ધારાસભ્ય રોહિત પવારે જણાવ્યું હતું કે, બંને પક્ષો પૂણેમાં પણ સાથે મળીને ચૂંટણી લડવા જઈ રહ્યા છે. આ નિર્ણય પૂણે અને પિંપરી-ચિંચવાડના કાર્યકરોની ઈચ્છાને કારણે લેવામાં આવ્યો છે, જ્યાં બંને પક્ષોએ ગઠબંધનનું પગલું ભર્યું છે.

અજિત પવાર પિંપરી-ચિંચવાડમાં ૧૫ જાન્યુઆરીના રોજ થવા જઈ રહેલી ચૂંટણી માટે પ્રચાર કરવા માટે પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે, પિંપરી-ચિંચવાડ નગર નિગમ ચૂંટણી માટે ઘડિયાળ અને રણશિંગડું એક થઈ ગયા છે. પરિવાર એકજૂટ થયો છે. પવારે પાર્ટીના કાર્યકરોને સખત મહેનત કરવા અને રેલીઓ દરમિયાન કોઈપણ વિવાદાસ્પદ ટિપ્પણીઓ ટાળવા અપીલ કરી. અજિત પવારે આગળ કહ્યું કે, અમે વિકાસ માટે કામ કરનારા લોકો છીએ. અમે એ લોકોને બહાર કરી દઈશું જેમણે આ નગર નિગમને દેવામાં નાખવાનો પ્રયાસ કર્યો હતો. દિવસની શરુઆતમાં પવાર પરિવાર બારામતીમાં હતો, જ્યાં ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ શરદચંદ્ર પવાર સેન્ટર ઓફ એક્સેલન્સ ઈન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું ઉદ્ઘાટન કર્યું હતું.

પિંપરી-ચિંચવાડ અને પૂણે નગર નિગમ સહિત મહારાષ્ટ્રની ૨૯ મ્યુનિસિપલ સંસ્થાઓની ચૂંટણી ૧૫ જાન્યુઆરીએ યોજાશે, અને બીજા દિવસે મતગણતરી થશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૩૦ ડિસેમ્બર છે.

### ૩૬ પોઈન્ટ પર વાહન ચેકિંગ!

# ગુજરાતમાં દારૂની હેરાફેરી રોકવા પોલીસનો એક્શન પ્લાન

**જિલ્લામાં આવેલા પાર્ટી પ્લોટો, ફાર્મ હાઉસ, હોટલો પર પણ વલસાડ જિલ્લા પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવશે**

વલસાડ,તા.૨૯

વલસાડ જિલ્લા પોલીસ એલર્ટ મોડ પર થઈ જિલ્લામાં સઘન ચેકિંગ હાથ ધરાયું છે. વલસાડ જિલ્લાને અડીને આવેલ સંઘપ્રદેશ દમણ, દાદરા નગર હવેલી અને પાડોશી રાજ્ય મહારાષ્ટ્રની સરહદો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે દમણ, દાદરા નગર હવેલી અને પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં દારૂની છૂટ છે આથી લોકો ઉજવણીના ભાગ રૂપે આ પ્રદેશોમાં જતા હોય છે. જોકે કેટલાક લોકો દારૂ પીને ગુજરાતમાં પ્રવેશતા હોય છે ત્યારે આવા લોકોને પકડીને કાયદાના પાઠ ભણાવવા પોલીસ દ્વારા વિશેષ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવે છે. આ સાથે જ દારૂની છૂટ ધરાવતા આ પ્રદેશોમાંથી ગેરકાયદેસર રીતે બુટલેગરો ગુજરાતમાં દારૂ ઘુસાડવાના પ્રયાસ પણ કરતા હોય છે. ત્યારે દારૂની હેરફેર રોકવા માટે પણ પોલીસે કમર કસી છે.

વલસાડ જિલ્લા પોલીસ દ્વારા આ વખતે ૩૧જં અને નવા વર્ષને લઈને ખાસ એક્શન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. પોલીસ દ્વારા કાયમી ચેકપોસ્ટની સાથે હંગામી ચેકપોસ્ટ પણ ઉભી કરવામાં આવશે આ સાથે જ જિલ્લામાં ૩૬ જેટલા પોઈન્ટ પર વાહન ચેકિંગ પણ હાથ ધરવામાં આવી રહ્યું છે. સાથે ગેરકાયદેસર રીતે આયોજિત થતી દારૂની મહેફિલો પર રોક લગાવવા જિલ્લામાં આવેલા પાર્ટી પ્લોટો, ફાર્મ હાઉસ, હોટલો પર પણ વલસાડ જિલ્લા પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવશે. અત્યાર સુધી વલસાડ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લામાં ડ્રિંક એન્ડ ડ્રાઈવના ૧૫૦થી વધુ કેસો કરવામાં પણ આવ્યા છે.

સાથે જ ચાલુ માસમાં વલસાડ જિલ્લા પોલીસ દ્વારા પ્રોબિશનના ૩૨ જેટલા કેસો કરી ૧ કરોડથી વધુનો વિદેશી દારૂ અને વાહનો સહિત ૫ કરોડથી વધુનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. હજુ પણ ૩૧st અને નવા વર્ષને લઈને વલસાડ જિલ્લા પોલીસ એલર્ટ છે અને જિલ્લામાં પોલીસ દ્વારા કડક ચેકિંગ હાથ ધરાશે અને દારૂ પીને આવતા લોકોની સાથે દારૂ લઈને ગુજરાતમાં પ્રવેશતા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા વલસાડ જિલ્લા પોલીસ સજ્જ છે.

### ડિસેમ્બર મહિનામાં લાખોની ભીડ

# ન્યુ યરની ઉજવણી માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યું પ્રવાસીઓનું હોટ ફેવરીટ

**ગુજરાત સહિત સમગ્ર ભારત-વિદેશમાંથી મોટી સંખ્યામાં લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત માટે આવી રહ્યા છે**

નર્મદા, તા.૨૯

નર્મદા જિલ્લાની ગુલાબી ઠંડી વચ્ચે સ્ટેચ્યુ ઓફ યુનિટી (SoU) નવા વર્ષની ઉજવણી માટે પ્રવાસીઓનું સૌથી પસંદગીનું સ્થળ બની ગયું છે. ડિસેમ્બર માસની શરૂઆતથી જ અહીં પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ગુજરાત સહિત સમગ્ર ભારત અને વિદેશમાંથી મોટી સંખ્યામાં લોકો સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત માટે આવી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગત શનિવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અંદાજે ૫૦ હજારથી વધુ પ્રવાસીઓ નોંધાયા હતા, જ્યારે રવિવારે આ આંકડો ૭૦ હજારને પાર ગયો હતો. માત્ર બે દિવસમાં જ એક લાખથી વધુ પ્રવાસીઓએ SoUની મુલાકાત લીધી છે. ૩૧ ડિસેમ્બર સુધી કુલ ૮ લાખથી વધુ પ્રવાસીઓ આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્રવાસીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વ્યવસ્થાઓ મજબૂત કરવામાં આવી રહી છે. સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા, પાર્કિંગ, પીવાનું પાણી, સફાઈ અને માર્ગદર્શન માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ન્યુ યરની ઉજવણીને ધ્યાનમાં રાખીને સત્તામંડળ ઉપરાંત આસપાસની હોટેલ, રિસોર્ટ અને ટેન્ટ સીટીના સંચાલકો દ્વારા પણ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે જોડાયેલા વિવિધ આકર્ષણો જેમ કે વેલી ઓફ ફ્લાવર્સ, સરદાર સરોવર ડેમ, જંગલ સફારી, લેઝર શો અને એકતા મોલ પ્રવાસીઓમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. શિયાળાની મોહક હવામાન અને ભવ્ય વ્યવસ્થાઓના કારણે સ્ટેચ્યુ ઓફ યુનિટી આ વર્ષે પણ ન્યુ યર સેલિબ્રેશન માટે ટોપ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન સાબિત થઈ રહ્યું છે.

# સૌ.યુ. ક. કો.ઓ સોસા. દ્વારા ડો. સેજલ ભટ્ટનું સાસંદ રામભાઇ મોકરિયા અને કુલપતિ પ્રોફે. ઉપલ જોશીનાં હસ્તે ગરિમાપૂર્ણ સન્માન









સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો–આપરેટીવ હાઉસિંગ સોસાયટીનાં સભ્યોના સ્નેહ મિલનનો સમારોહ તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ના બુધવારના રોજ સાંજે સાડા છ વાગ્યે, સોસાયટીના મનુભાઇ વોરા ઓપન એર થિયેટર, રૂદ્રમુખી હનુમાનજી પરિસરમાં રાજય સભાના લોકપ્રિય સદસ્ય રામભાઇ મોકરિયાનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ. આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રોફે. ઉપલ જોશી મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતાં. સ્વાગત પ્રવચન સોસાયટીના પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયાએ કરેલ. આ પ્રસંગે રાજકોટ સીવીલ હોસ્પિટલનાં ઈ.એન.ટી. વિભાગના સિનિયર સર્જન ડો. સેજલબેન ભટ્ટનું તેની મેડિકલ સાયન્સ ક્ષેત્રની સેવાઓને બિરદાવી તેમનું ગરિમાપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ સોસાયટીના મુખપત્ર ઉજાસ ૨૦૨૫નું સાંસદ રામભાઇ મોકરિયા, કુલપતિ પ્રોફે. ઉપલ જોશી અને ઉપસ્થિત મહાનુભાવોનાનાં હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. સન્માનિત ડો. સેજલબેન ભટ્ટે કોરોના મહામારી વખતે મ્યુકરમાયકોસિસનાં દર્દીઓની સફળ સર્જરી તેમની ટીમ માટે કેટલી પડકાર રૂપ હતી તેની ટૂંકમાં માહિતી આપી હતી. ઈ.એન.ટી. સર્જન ડો. સેજલબેનની મેડીકલ સાયન્સ ક્ષેત્રેની સેવાઓને સાંસદ રામભાઇ મોકરિયાએ પોતાના અધ્યક્ષીય ઉદબોધનમાં બિરદાવી હતી અને કોરોનાના કપરા કાળમાં સતત બે મહિના સુધી રોજ ૧૫ કલાક સુધી ઓપરેશન કરી અને અનેક રાજકોટ વાસીઓની જાન બચાવી હતી. તે બાબતે તેણે અભિનંદન પાઠવેલા. સોસાયટી છેલ્લા ત્રેપન વર્ષથી ઉત્તરોતર પ્રગતિ કરી રહી છે તે જાણી રાજીપો વ્યકત કરેલ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ. ચાન્સલર ડો. ઉપલભાઈ જોષીએ પણ તેમના વકતવ્યમાં જણાવ્યું કે આ સોસાયટી સાથે અનેરો નાતો છે અને છેલ્લા ઘણા વર્ષોમાં સોસાયટીએ હરણફાળ સમી પ્રગતિ કરી છે. સાથો સાથ તેમણે ડો. સેજલબેનને પણ મેડીકલ સાયન્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન આપેલ. આ પ્રસંગે સોસાયટીનાં પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ ઉદ્યોગપતિ સજી મેથ્યુ, સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટના મે. ટ્રસ્ટી અલ્કાબહેન વોરા અને વા. ચેરમેન કૌશિક મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ, માનદ મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર તથા રમેશ સભાયા, ડો. અનામિકભાઈ શાહ, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, જિતેશકુમાર એમ. પંડિત, કૈલેશકુમાર તન્ના, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ડો. દર્શન ભટ્ટ, ડી.પી. ત્રિવેદી, ઉદ્યોગપતિ શ્રીજીથ સુકુમારન નાયર, મેલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા, પ્રો. હરિભાઈ કગથરા, કવિ દિલીપભાઈ જોશી, યોગેશભાઈ જોશી વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન નારાયણી હોસ્પિટલના સિનિયર પેઈન ફિજીસ્યન ડો. ચેતનાબા જાડેજાએ કરેલ અને આભારવિધિ અજયભાઈ જોશીએ કરેલી. ઉજાસ ૨૦૨૫નાં સંપાદન કાર્યમાં લબ્ધપ્રતિષ્ઠિત કવિ દિલીપભાઈ જોશીનો સહયોગ મળ્યો હતો. આ પ્રસંગે ડો. દર્શન ભટ્ટ, ડો. ચૈતન્યસિંહ ગોહિલ, ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ, ફિટલ મેડિસીન એકસપર્ટ ડો. કુંતલબા જાડેજા, પેથોલોજીસ્ટ ડો. હેતલબેન જોશી, ડો. એન. એન. શેઠ, ડો. યોગીરાજસિંહ આર. જાડેજા સહિત ડોકટર્સ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સોસાયટીના સ્થાપક મંત્રી યુ.એન. પંડયા, એન.એસ. ઉપાધ્યાય, પૂર્વ પ્રમુખ યુ. વી. મણવર, પૂર્વ પ્રમુખ પ્રોફે. પી. એચ. પરસાણીયા, નીલેશભાઈ માંડવીયા, રાજેન્દ્રસિંહ જાડેજા, કેતનભાઈ એચ. પોપટ (ડ્રીમ ઈન્ટરનેશનલ સ્કૂલ ધોરાજી), શરદભાઈ જાની, રમેશભાઈ સાકરીયા (રાધિકા સિલ્વર રાજકોટ) વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડો. કલ્પકભાઈ ત્રીવેદી, સૌરાષ્ટ્ર એજયુકેશનલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી ડો. રાજેશભાઈ કાલરીયા અને યુવા એડવોકેટ હાર્દિક જી. ડોડિયાએ કાર્યક્રમની સફળતા ઈરછતા સંદેશા પાઠવ્યાં હતાં.

## પાના ૮ ઉપરનું ચાલું દેવળાથી ખીચા માર્ગ ઉપર

મોટી ઈજાઓ થયાની ઘટનાં બનવા પામેલ છે.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ગામે આવેલ વાલ્મિકીનગરમાં બાલમંદિરવાળી શેરીમાં રહેતાં બાબુભાઈ રમેશભાઈ પરમાર નામનાં ૪૦ વર્ષીય યુવકના પત્નિ દમુબેન તથા તેમના બાળકો જતીન, ઈશા તથા તેમના સસરા દેવશીભાઈ જેઠવા તથા તેમનાં સંબધી વીકીભાઈ તથા દિપકભાઈ કૃષ્ણભાઈ વડીયાતરની પીયાગો રીક્ષા નં. જી.જે.–૧૦ ટીવી–૪૯૧૧ ભાડેથી બાંધી જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામેથી એક સામાજીક પ્રસંગ પતાવી રીક્ષામાં કુલ અગીયારેક માણસો બેસી પરત પોતાના ઘર તરફ જતા હોય. તે દરમ્યાન ધારી તાલુકાના દેવળા ગામથી આશરે ચારેક કી.મી. ખીચા ગામ તરફ આવતા હતાં ત્યારે સામેથી એક સફેદ કલરની ફોર વ્હીલ નં. જી.જે.–૦૧ આરકે–૩૪૬૬ના ચાલકે પોતાના હવાલાવાળી ફોર વ્હીલ રોંગ સાઈડમાં માણસોની જીંદગી જોખમાઈ તે રીતે પુરઝડપે અને ગફલત ભરી રીતે ચલાવી અથડાવી દઈ આ યુવકને જમણા પગે ગોઠણે સામાન્ય ઈજા તથા દમુબેનને કપાળ ઉપર ઈજા કરી વીકીભાઈને કપાળ ઉપર ડાબી બાજુ તથા જમણા હાથે તથા જમણા પગે તથા દેવશીભાઈને ડાબા પગે તથા ડાબી બાજુ પડખામા તથા રિક્ષા ડ્રાઈવર દિપકભાઈને જમણા હાથે તથા માથાના પાછળના ભાગે નાની મોટી ઈજા કરી તથા યુવકની દિકરી ઈશાબેનને માથાના ભાગે કપાળના ઉપર ગંભીર તથા શરીરે નાની–મોટી ઈજાઓ કરી અકસ્માતે ઈજા કરી ઈશાબેનનું મોત નિપજાવી આરોપી ફોર વ્હીલ સ્થળ પર મુકી નાસી ગયાની બાબુભાઈ રમેશભાઈ પરમાર નામનાં યુવકે ધારી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સંકુલ CBSE બોર્ડ
ઈન્ટરનેશનલ સ્કૂલ
KG થી ધો. ૧૨
મંજુરી પ્રક્રિયા ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
KG ટુ PG સ્કૂલ – કોલેજ – હોસ્ટેલ અમરેલી
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ અમરેલી -Ad 164

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૨૭ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૦૦ | ૫૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૦ | ૧૪૦૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૧૫૦ | ૧૩૯૩ |
| ૩ | શિંગ મોટી | ૧૦૧૫ | ૧૩૭૨ |
| ૪ | શિંગદાણા | ૧૧૧૪ | ૧૫૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૩૫૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૫૦૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૯૨ | ૨૨૦૦ |
| ૮ | બાજરો | ૩૩૧ | ૪૮૫ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૯૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૫૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૧ |
| ૧૨ | મકાઈ | ૩૩૪ | ૩૮૧ |
| ૧૩ | મગ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૪ | અડદ | ૯૦૦ | ૧૨૦૫ |
| ૧૫ | ચણા | ૭૫૦ | ૧૦૩૨ |
| ૧૬ | સફેદ ચણા | ૬૪૦ | ૧૦૩૧ |
| ૧૭ | છોલે ચણા | ૧૦૩૫ | ૧૫૧૫ |
| ૧૮ | ચોળી | ૪૦૦ | ૬૦૦ |
| ૧૯ | તુવેર | ૯૦૧ | ૧૨૮૦ |
| ૨૦ | કપાસ | ૭૦૦ | ૧૫૮૦ |
| ૨૧ | એરંડા | ૧૧૦૧ | ૧૩૦૨ |
| ૨૨ | જીરૂ | ૩૪૭૫ | ૪૦૧૫ |
| ૨૩ | ધાણા | ૧૫૦૦ | ૧૯૨૫ |
| ૨૪ | અજમા | ૧૮૦૦ | ૧૯૫૦ |
| ૨૫ | મેથી | ૮૦૦ | ૯૫૦ |
| ૨૬ | સોયાબીન | ૭૯૨ | ૯૦૮ |
| ૨૭ | મરચા લાંબા | ૮૦૦ | ૩૫૭૦ |
| ૨૮ | કાંગ | ૫૩૪ | ૫૪૩ |

## સાવરકુંડલા : બ્રાન્ચ શાળા નંબર ૫ માં વીર બાલ દિવસની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૯

શ્રી બ્રાંચ શાળા નંબર ૫ ના આંગણે તા. ૨૬/૧૨/૨૫ ના રોજ વીર બાલ દિવસની ઉજવણી ધામ–ધૂમથી કરવામાં આવી હતી.

શીખ ધર્મના દશમા ગુરૂ ગોવિંદસિંહજીના પુત્રો જોરાવરસિંહજી અને ફતેહસિંહજીને એરંગઝેબ ધર્મ પરિવર્તન કરાવવા માગતો હતો. ત્યારે આ બાળકોએ અદ્ભુત શૌર્ય અને દેશભક્તિથી ધર્મ પરિવર્તન કરવાની ના પાડી અને શહીદ થઈ ગયા. બાળકોમાં પણ શૌર્ય બલિદાન અને દેશભક્તિ જેવા ગુણોનો વિકાસ થાય તે માટે નિબંધ સ્પર્ધા વકૃત્વ સ્પર્ધા તથા વેશભૂષા જેવા કાર્યક્રમો યોજવામાંઆવ્યા હતા. શાળાના આચાર્ય દ્વારા વીર બાલ દિવસની ભવ્ય ઉજવણી કરવા બદલ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૭૦ | ૧૫૮૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૦૪૦ | ૧૨૭૦ |
| ૩ | મગફળી | ૧૦૬૫ | ૧૩૫૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૯૦ | ૧૯૮૦ |
| ૫ | તલ કાળા | ૩૮૧૦ | ૪૫૦૦ |
| ૬ | જીરૂ | ૩૨૨૦ | ૪૦૦૦૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૫૫ |
| ૮ | ચણા | ૯૪૫ | ૧૦૪૫ |
| ૯ | અડદ | ૯૩૫ | ૧૧૯૫ |
| ૧૦ | સોયાબીન | ૭૮૦ | ૮૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૦ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૪૦૫ |
| ૩ | તલ સફેદ | ૧૪૬૫ | ૨૦૨૨ |
| ૪ | જીરૂ | ૪૦૨૬ | ૪૧૦૦ |
| ૫ | કપાસ | ૧૧૦૦ | ૧૫૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૪૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૩ |
| ૮ | મકાઈ | ૪૫૦ | – |
| ૯ | મઠ | ૯૭૨ | ૧૦૦૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૨૮૬ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૦૦૦ |
| ૧૨ | તુવેર | ૧૧૦૦ | ૧૩૧૦ |
| ૧૩ | એરંડી | ૧૨૪૮ | – |
| ૧૪ | ધાણા | ૧૫૦૦ | ૧૫૫૦ |
| ૧૫ | સોયાબીન | ૮૫૦ | ૯૦૨ |

## વડિયાનાં સનાળા ગામે પશુની ચોરીની ઘટના બની

અમરેલી, તા. ૨૯

વડિયા તાલુકાના સનાળા ગામે લાખાપાદર રોડ ઉપર રહેતા અશ્વિનભાઈ પોપટભાઈ સોરઠીયા નામનાં ૪૫ વર્ષિય ખેડૂતના ફરજામાં બાંધેલ આશરે એકાદ વર્ષના ભેંસના પાડરૂ (પાડો) કિંમત રૂપિયા ૧૦,૦૦૦નું ગતતા. ૨૧નાં રોજ રાત્રીના સાડા દસ વાગ્યાથી તા. ૨૨ નાં સવારના સાતેક વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો ચોર ઈસમ તેને દોરડુ તોડી ચોરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ‘બેટી બચાવો, બેટી પઢાઓ’ યોજના અન્વયે સાવરકુંડલા ખાતે દીકરી વધામણા કીટનું વિતરણ

### તાલુકા પંચાયતનાં પ્રમુખ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી તા. ૨૯

સાવરકુંલા તાલુકામાં સરકારી કે.કે. મહેતા હોસ્પિટલ ખાતે ‘બેટી બચાવો, બેટી પઢાઓ’ યોજના અન્વયે દીકરી વધામણા કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, અન્ય હોદ્દેદારો, જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષ કણઝરીયા, મેડિકલ ઓફીસર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ અમરેલી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૧૭૧ | ૧૫૧૯ |
| ૨ | મગફળી | ૯૪૬ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં | ૫૧૫ | ૫૧૫ |
| ૪ | ચણા | ૯૭૨ | ૯૭૨ |
| ૫ | અડદ | ૯૨૫ | ૧૦૪૧ |
| ૬ | તલ | ૧૮૫૦ | ૧૮૫૦ |
| ૭ | શીંગદાણા | ૧૦૩૦ | ૧૩૮૧ |
| ૮ | શીંગ ફાડા | ૧૦૦૧ | ૧૩૧૫ |
| ૯ | સોયાબીન | ૭૬૦ | ૭૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૮૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૫૨૧ |
| ૪ | અડદ | ૭૦૦ | ૯૦૦ |
| ૫ | ચણા | ૯૭૨ | ૧૦૧૧ |
| ૬ | ધાણા | ૧૭૦૦ | ૧૭૨૦ |
| ૭ | રાય | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૮ | સોયાબીન | ૫૫૦ | ૯૦૯ |
| ૯ | મગફળી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૦ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૨૮૧ |
| ૧૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૩ | તુવેર | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૧૪ | લસણ | ૧૫૦૦ | ૧૫૩૦ |

## પાના ૧ ઉપરનું ચાલું વડિયાનાં કોલડા ગામે

સોના–ચાંદીનાં દાગીનાં તથા રોકડ રકમ મળી કુલ ૩,૪૫,૨૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

વડિયા તાલુકાના કોલડા ગામે રહેતાં અને પ્રાઈવેટ નોકરી કરતાં રંજનબેન મનસુખભાઈ સોંદરવા નામના ૨૮ વર્ષીય યુવતીના બંધ રહેણાંક મકાનમાં ગઈ તા. ૨૭ના રોજ રાત્રીના સાડા આઠેક વાગ્યાથી તા. ૨૮ના સવારના પોણા સાતેક વાગ્યાના સમય દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમોએ રૂમના તાળા તોડી ગેરકાયદેસર પ્રવેશ કરી અને પ્રથમ રૂમમાંથી સોનાની મોટી બુટી જોડ નંગ–૧ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ તથા સોનાની નાની બુટી જોડ નંગ–૧ કિંમત રૂપિયા ૧૨,૦૦૦, કાનમાં પહેરવાની સોનાની કડી–૨ જોડ જેની કિંમત રૂપિયા ૬૦૦૦, સોનાની વીંટી–૨ જેની કિંમત રૂપિયા ૪૦,૦૦૦, ચાંદીના છડા–૧ જોડ જેની કિંમત રૂપિયા ૧૫૦૦, ચાંદીની જાંજરી ૧ જોડ જેની કિંમત રૂપિયા ૩૦૦૦, નાના બાળકોની ચાંદીની કડલી જેની કિંમત રૂપિયા ૫૦૦, બોરીયા કિંમત રૂપિયા ૨૦૦, નજરીયા જેની કિંમત રૂપિયા ૨૦૦, ચાંદીની વીટી–૨ જેની કિંમત રૂપિયા ૧૭૦૦, ચાંદીની કડલી–૨ જોડ જેની કિંમત રૂપિયા ૮૦૦૦, ચાંદીનુ લેડીઝ બ્રેસલેટ નંગ–૧ જેની કિંમત રૂપિયા ૧૫૦૦, ચાંદીનો કમર જુડો નંગ–૨ જેની કિંમત રૂપિયા ૧૫૦૦, ચાંદીની રૂદ્રાક્ષ માળા નં.૧ જેની કિંમત રૂપિયા ૭૦૦૦, ચાંદીનો તુલશી કેરો જેની કિંમત રૂપિયા ૧૦૦૦, ચાંદીની ગાય જેની કિંમત રૂપિયા ૧૦૦૦, ચાંદીની લક્કિ નં. ૧ જેની કિંમત રૂપિયા ૨૦૦૦ તથા રોકડ રૂપિયા ૬૪,૦૦૦ રાખેલ હોય તે તથા બીજા રૂમમાંથી સોનાનો દાણો નંગ–૧ જેની કિંમત રૂપિયા ૧૨૦૦, સોનાની ચુક નંગ–૧ જેની કિંમત રૂપિયા ૭૦૦, સોનાની વીંટી નંગ–૪ જેની કિંમત રૂપિયા ૫૦,૦૦૦, સોનાનો ઓમકાર નંગ–૧ જેની કિંમત રૂપિયા ૭૦૦૦, સોનાનો ચેન નંગ–૧ જેની કિંમત રૂપિયા ૩૯,૦૦૦, ચાંદીના છડા–૨ જોડ જેની કિંમત રૂપિયા ૧૧,૦૦૦, ચાંદીનો સિક્કો નંગ–૩ જેની કિંમત રૂપિયા ૧૫૦૦, ચાંદીનો પેડલ સેટ–૧ જેની કિંમત રૂપિયા ૧૩૦૦, ચાંદીની કડલી–૧ જોડ જેની કિંમત રૂપિયા ૨૪૦૦ તથા રોકડ રૂપિયા ૫૦ હજારની મળી કુલ રૂપિયા ૩,૪૫,૨૦૦ની મત્તાની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** તે અમારા અસીલ **ડાયાભાઈ લક્ષ્મણભાઈ શેલીયા** રહે. બાબરાવાળાની સુચના અનુસાર લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ / તાકીદ કરૂં છું કે,

અમારા અસીલ એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે–બાબરા ગામે **રાજકોટ – ભાવનગર રોડ** ઉપર દુકાન આવેલ છે. અને કુલ જમીન **૬૦–૦૮** ચોરસ મીટર તથા તેમા બાંધકામ **૨૮–૩૧** ચોરસ મીટર તેમજ ખુલ્લી જમીન **૩૧–૭૭** ચોરસ મીટર તેમનો સીટી સર્વે નં. **૭૧૦** છે. અને આ મિલ્કત નગરપાલીકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર / ટેનામેન્ટ નં.– **૧૦૦૨૨૭૪૫** ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલ તથા **નટુભાઈ લક્ષ્મણભાઈ શેલીયા,** રે. બાબરા, તા. બાબરા, જિ. અમરેલી એ રજી. વેચાણ દસ્તાવેજ નં.– **૫૦૬** તા. **૩૧/૦૫/૨૦૧૯**ના રોજ સંયુકત રીતે ખરીદ કરેલ ત્યારબાદ રજી.વેચાણ દસ્તાવેજ **૧૩૮૦/૨૦૨૪** થી સદર મિલકતના સહ હિસ્સેદાર: **નટુભાઈ લક્ષ્મણભાઈ શેલીયા** એ સદર મિલ્કતમાંથી પોતાનો માલિકી હકક–અધિકાર રાજીખુશીથી અમારા અસીલની તરફેણમાં જતા કરેલ છે.

અને અમારા અસીલ આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લિ.– બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી./ ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાંકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગભાગ, હક્ક – હિસ્સો તેમજ હિત સમાયેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દીન–૦૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદ્દત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહિ અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સા જતા કરેલ છે તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપીશું, અને અમારા અસીલ બેંક સદર મિલ્કત મોર્ગેજ / ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદ્દત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ, અને જો કરશે તો આ જાહેર નોટિસથી રદ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**તારીખ : ૩૦/૧૨/૨૦૨૫**
**સ્થળ : બાબરા**

**સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૩૮૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૧ | ૧૯૨૫ |
| ૩ | તલ પીળા | ૨૦૦૦ | ૨૧૫૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૫૭૧ |
| ૫ | બાજરો | ૩૬૦ | ૪૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૭૩ | ૬૦૧ |
| ૭ | જુવાર | ૯૫૦ | ૧૦૬૦ |
| ૮ | મગ | ૧૧૫૦ | ૨૮૦૦ |
| ૯ | તુવેર | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૦ | સોયાબીન | ૮૦૦ | ૮૪૯ |

# પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઇ વિશ્વકર્માની અધ્યક્ષતામાં નવનિયુક્ત પદાધિકારીઓની બેઠક યોજાઇ






ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશના મુખ્ય પ્રવકતા ડો.અનિલભાઈ પટેલે મીડિયાને સંબોધતા જણાવ્યું હતું કે, આજરોજ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્માની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ સંગઠનના નવનિયુકત પદાધિકારીઓની બેઠક યોજાઇ હતી. ડો.અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્માએ નવનિયુકત પદાધિકારીઓને અભિનંદન પાઠવી સંપૂર્ણ શકિત સાથે ભાજપના સંગઠનને વધુ સશકત કરવા તેમજ આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં દેશમાં તેમજ રાજયમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ ભાજપા સરકાર દ્વારા થઈ રહેલા જનહિત અને દેશહિતના કાર્યોને જન જન સુધી પહોંચાડવા હાંકલ કરી હતી. પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીએ સંગઠનની સુદ્રઢ અને સુનિયોજીત કાર્યશૈલી થકી બુથ સુધીના કાર્યકર્તાને સાથે રાખી પક્ષની વિચારધારા છેવાડાના માનવી સુધી પહોંચાડવા આહ્વાન કર્યુ હતું. ડો. અનિલભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ બેઠક બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્માના અધ્યક્ષસ્થાને પ્રદેશના નવનિયકુત તેમજ પુર્વ હોદ્દેદારોની સંયુકત બેઠક યોજાઇ હતી જેમાં નાયબ મુખ્યમંત્ર હર્ષભાઈ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી તેમજ નાયબ મુખ્યમંત્રીએ નવનિયુકત પદાધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. બેઠકમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો દ્વારા પુર્વ પ્રદેશ પદાધિકારીઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ બેઠકમાં પ્રદેશના પુર્વ પદાધિકારીઓએ નવનિયુકત પદાધિકારીઓને ઉલ્લાસપુર્ણ વાતાવરણમાં અભિનંદન પાઠવ્યા હતા અને સંયુકતપણે ૨૪*૭ પક્ષની કામગીરી કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી.

## અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભાનો ફરી એકવાર નેશનલ કક્ષાએ ડંકો ૯ કરાટે યોધ્ધાઓએ નેશનલ મેડલ જીતી જિલ્લાનું ગૌરવ વધાર્યુ




અમરેલી, તા. ૨૯

અમરેલી, શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસના કરાટે ખેલાડીઓએ નેશનલ કક્ષાએ મેડલ પ્રાપ્ત.તારીખઃ ૨૫ થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ઓલ ઈન્ડિયા ઓપન કરાટે ચેમ્પિયનશિપ–૨૦૨૫ નું આયોજન વડોદરા, ગુજરાત મુકામે થયું હતું, જેમાં વિવિધ રાજયોમાંથી બહોળી સંખ્યામાં પ્રતિભાશાળી ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. જેમાં ગુજરાત રાજયમાંથી ગજેરા કેમ્પસ– વિદ્યાસભા સ્કૂલના કરાટે ખેલાડીઓએ ભાગ લીધો. જેમાં ૧) દવે દિશા, ૨) ગોલાણિ ઉર્વીશા, ૩) સોલંકી વંદન, ૪) ખાંભલા સોહિલ, ગોલ્ડ મેડલ મેળવેલ. ૫) સવાલિયા વૃષ્ટિ, ૬) ચોહાણ શ્રેયા, ૭) કાલેના ઊરવી, સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ. તેમજ ૮) બારૈયા પરી ૯) કાણેના પુરબ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેક્ટિસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂ પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત–ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજવળ સિધ્ધીઓ પ્રાપ્ત કરી રહયા છે. આ ઐતિહાસિક સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા તમામ ટ્રસ્ટીઓ તેમજ સંસ્થા પરિવાર દ્વારા ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા. સ્પર્ધામાંથી પરત ફર્યા બાદ સંસ્થાના ટ્રસ્ટી બકુલભાઈ ગજેરા, ચતુરભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેક્ટર દ્વારા ખેલાડીઓ અને કોચ વિકુશભાઈને શુભેચ્છાઓ પાઠવવામાં આવી. વિદ્યાર્થીઓએ સંસ્થાના પ્રમુખ સહિત તમામ માર્ગદર્શકો અને સંસ્થા પરિવારનો આભાર વ્યકત કર્યો હતો. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે

### ગાંધી મંદિર હોલ ખાતે કાર્યક્રમ યોજાયો

## રાજુલા : સમસ્ત બ્રહ્મ સમાજ કર્મચારી મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનુ સન્માન કરાયુ

### બ્રહ્મસમાજ દ્વારા કવિ શશિભાઈ રાજયગુરૂનુ વિશેષ સન્માન કરાયુ



રાજુલા, તા. ૨૯

રાજુલા શહેર ખાતે સમસ્ત બ્રહ્મસમાજ કર્મચારી મંડળ દ્વારા તા.૨૮/૧૨/૨૫ને રવિવારના રોજ સાંજના ૬ : ૦૦ થી ૮ : ૩૦ના સમયે ગાંધી મંદીર હોલ ખાતે બ્રહ્મસમાજના તેજસ્વી તારલાને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનુ દિપ પ્રાગટ્ય મીનાક્ષીબેન યાજ્ઞીક તથા મહીલા પી. એસ. આઈ. શિલ્પાબેન જાનીના હસ્તે કરવામા આવ્યુ હતુ. બ્રમ્હ સમાજના પ્રમુખ ભાનુદાદા રાજગોરની અધ્યક્ષ અને અતિથિ વિશેષ તરીકે નાયબ જિલ્લા શિક્ષણાધિકારી આશિષભાઈ જોષી તેમજ ફોરેસ્ટ ઓફીસર રાજયગુરૂની ઉપસ્થિતિમાં પ્રાર્થના દિકરીઓ દ્વારા તથા નૃત્ય પલકબેન જાની તથા યક્ષ પંડ્યાએ શ્લોક ગાન કર્યુ હતુ.

આ કાર્યક્રમમા બ્રહ્મસમાજના ધો.૮ થી કોલેજ સુધી અભ્યાસ કરેલા કુલ ૪૦ જેટલા દિકરા દિકરીઓ કે જેમણે પરીક્ષામા ઉચ્ચ ટકાવારી પ્રાપ્ત કરીને જવલંત સિધ્ધિ મેળ વી છે તેમનુ સન્માન મોમેન્ટો તેમજ ઘર ઉપયોગી ગીફટ દ્વારા મંડળ ના પ્રમુખ કીરીટભાઈ જાની, મહામંત્રી પ્રવિણભાઈ જાની, કારબારી ચિફ વિજયભાઈ જોષી, મનસુખભાઈ જોષી, ભુપતભાઈ જોષી તથા મહાનુભાવોના હસ્તે કરવામા આવ્યુ હતુ.

આ કાર્યક્રમ મા તાજેતરમાં જ જેમને અમરેલી જીલ્લાનો સાહિત્ય ક્ષેત્રે મહત્વનો કહી શકાય તેવો 'બાલકૃષ્ણ દવે એવોર્ડ– ૨૦૨૫' ચિત્તલ મુકામે આપવામા આવ્યો એવા રાજુલા બ્રહ્મસમાજના અગ્રણી શશિભાઈ રાજયગુરૂ કવિ 'હેમાળવી' ને આપવામા આવ્યો તેનુ વિશેષ સન્માન કર્મચારી મંડળ દ્વારા કરવામા આવ્યુ હતુ. તેમજ જીલ્લા કક્ષાએ રમત ગમતમાં પ્રથમ આવેલા કૃણાલભાઈ અપ્રવર્યુ નુ સન્માન કરવામા આવ્યુ હતુ. આવકાર પ્રવચન કીરીટભાઈ જાની તેમજ પ્રાસંગિક પ્રવચન ભાનુદાદા રાજગોર, પીએસઆઈ શિલ્પાબેન જાની, મીનાક્ષીબેન યાજ્ઞિક, કીરીટભાઈ જાની મનસુખભાઈ જોષી, શશિભાઈ રાજયગુરૂ, ભુપતભાઈ જોષીએ કર્યુ હતુ. સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન જાગૃતિબેન રાજયગુરૂએ કર્યુ હતુ ને કાર્યક્રમનુ સંચાલન વિજયભાઈ જોષીએ કર્યુ હતુ.

આ કાર્યક્રમમા ઈનામ ગીફટના દાતા બ્રામ્હીન યુવક મંડળના દુષ્યંતભાઈ ભટ્ટ, મહીલા પાંખના નલીનીબેન જોષી, જાગૃતિબેન રાજયગુરૂ, સ્વ.મંજુલાબેન જાની પરીવાર, ભાવનાબેન જોષી તથા સીમર સમવાય બ્રહ્મસમાજ દ્વારા આર્થિક સહયોગ અપાયો હતો.

આ કાર્યક્રમમા કૃણાલભાઈ અધ્વર્યુ, નગરપાલિકા સદસ્ય અર્ચનાબેન જોષી, ભરતભાઈ જાની, અરવિંદભાઈ જોષી, અરૂણભાઈ ત્રીવેદી, હરેશભાઈ તેરૈયા, ચીરાગભાઈ જોષી, બળવંતભાઈ તેરૈયા, પરાગભાઈ જોષી, ધર્મેન્દ્રભાઈ જોષી, અરૂણભાઈ દેશપાંડે, મહેશભાઈ વ્યાસ, કમલેશભાઈ વ્યાસ, બકુલભાઈ જોષી, સવિતાબેન રાજગોર, હંસાબેન જોષી, કોકીલાબેન જોષી, દિવ્યેશભાઈ ઠાકર, સુધીરભાઈ જાની, ભાર્ગભાઈ પંડ્યા, સવિતાબેન ધાંધીયા, દિપકભાઈ અધ્વર્યુ, હરેશભાઈ ઠાકર, રેખાબેન ઠાકર હાજર રહ્યા હતા. આભારવિધિ ગાંધી મંદિર કેમ્પસ ડાયરેકટર પ્રવિણભાઈ જાનીએ કરી હતી કાર્યક્રમને સફળ બનાવવા હરેશભાઈ તેરૈયા, પંકજભાઈ એ જહેમત ઉઠાવી હતી.

### શાંતાબેન હરિભાઈ ગજેરા સંકુલ ખાતે

## અમરેલીમાં ધોળકીયા ઈન્ફોટેક અને યુ.બી. મહિલા કોલેજ ખાતે ઈન્ટરશિપ કાર્યક્રમ યોજાયો

### વિદ્યાર્થીનીઓની શંકાઓનુ નિરાકરણ કરાયુ



અમરેલી, તા. ૨૯

અમરેલી કે.પી. ધોળકીયા ઈન્ફોટેક મહિલા કોલેજે અને યુ.બી. ભગત સાયંસ મહિલા કોલેજ ખાતે વિદ્યાર્થીર્નનીઓ માટે ઈન્ટર્નશિપ અંગે માર્ગદર્શન બેઠક યોજાઈ. કોલેજ સ્ટાફ દ્વારા વિદ્યાર્થીર્નનીઓને ઈન્ટર્નશિપનું મહત્વ, લાભો અને ભવિષ્યની કારકિર્દી માટે તેની ઉપયોગિતા અંગે માહિતી આપવામાં આવી. બેઠક દરમિયાન વિદ્યાર્થીનીઓની શંકાઓનું નિરાકરણ કરવામાં આવ્યું.

## લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન અને વેદ વોલન્ટરી બ્લડ બેંક દ્વારા રકતદાન કેમ્પ સંપન્ન થયો



અમરેલી, તા. ૨૯

અમરેલી તરવડા ગુરૂકુળ ખાતે રજત જયંતિ મહોત્સવ પ્રસંગે લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન તથા વેદ વોલન્ટરી બ્લડ બેંક દ્વારા રકતદાન કેમ્પનું ૨૭/૧૨ના રોજ આયોજન થયેલ. આ કેમ્પનું દીપપ્રાગટય પ્રમુખ બકુલભાઈ ભટ્ટ, કાંતિલાલ વઘાસીયા દ્વારા થયેલ આ કેમ્પમાં ૯૫ યુનિટ રકતદાન બોટલ એકત્રીત થયેલ. સાથોસાથ ડાયાબીટીસ ચેકઅપણ પણ કરવામાં આવેલ. લાયન્સ કલબ દ્વારા આ સેવાકીય કાર્ય થયેલ આ તકે સેક્રેટરી રજની ધોરાજીયા, રાજુભાઈ પરિખ, જે.ડી. સાવલીયા, મેહુલ બાબરીયા, સંજય રાજપરા હાજર રહી કાર્યક્રમ અને કેમ્પ સફળ બનાવેલ હતો. તેમ કલબની યાદીમાં રાજુભાઈ પરિખ જણાવે છે.

### શાંતિગ્રામ ખાતે ચાલતા જીપીએસસી, યુપીએસસીના વિદ્યાર્થીઓ માટે

## તરવડાનાં ગુરૂકુળ ખાતે ચાલતા ત્રિવેણી મહોત્સવમાં મહત્વની જાહેરાત કરાઈ

### અમદાવાદ ખાતે ગુરૂકુળ કોચિંગ સેન્ટર શરૂ

અમરેલી, તા.૨૯

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ રાજકોટ સંસ્થાનની શાખા શાંતિગ્રામ ગરૂકુલ ખાતે મહંત સ્વામીના સંકલ્પથી જીપીએસસી અને યુપીએસસી ના વિદ્યાર્થીઓમાટે ગુરૂકુલ એકેડેમી બનાવવાની ઘોષણા હાલમાં તરવડા ગુરૂકુલમાં ચાલતા ત્રિવેણી મહોત્સવમાં કરવામાં આવી.જી.પી.એસ.સી.અને યુ.પી.એસ.સી. જેવી સિવિલ સર્વિસીસની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આદર્શ કોચિંગ સેન્ટર પ્રાપ્ત થાય તે હેતુથી શાંતિગ્રામ ગુરૂકુલ, અમદાવાદ ખાતે આ ગુરૂકુલ કોચિંગ સેન્ટર શરૂ થશે. હાલમાં એક લાખ ઉપરાંત વિદ્યાર્થીઓ અમદાવાદ અને ગાંધીનગરમાં સિવિલ સર્વિસિસની તૈયારીઓ કરવા માટે આવે છે.

આ વિદ્યાર્થીઓને યોગ્ય કોચિંગ મળી રહે, રહેવા જમવાની શ્રેષ્ઠ અને ગુણવત્તા યુક્ત સવલત મળી રહે તે માટે શાંતિગ્રામમાં યોગ્ય વાતાવરણ ઊભુ કરવાનું સંતોએ ભીડું ઝડપ્યું છે.

આ ગુરૂકુલ એકેડેમીનું અનાવરણ ગુરૂ મહારાજ દેવકૃષ્ણદાસજી સ્વામી મહંત સ્વામી, દેવ પ્રસાદદાસજી સ્વામી અને સુરત ગુરૂકુલના મહંત ધર્મવલ્લભદાસજી સ્વામી, નારાયણદાસજી સ્વામી, કૃષ્ણપ્રિયદાસજી સ્વામી વગેરે સંતો અને અમદાવાદના સમાજ શ્રેષ્ઠિઓ રમેશભાઈ મેસિયા, બાબુભાઈ શેલડીયા, કાંતિભાઈ ગઢીયા, પ્રવીણભાઈ દેસાઈ, રાકેશભાઈ દુધાત, મનુભાઈ પટોડીયા (યુએસએ), ધીરૂભાઈ બાબરીયા (યુએસએ ) વગેરેના સેવા સહયોગથી કરવામાં આવ્યું હતું.

મહંત સ્વામીએ જણાવ્યું હતું કે, 'રાષ્ટ્રને મૂલ્યવાન અને આદર્શ અધિકારીઓ મળે તેવા ભ્રષ્ટાચાર મુક્ત, દેશ પ્રેમ, અને આદર્શ અધિકારીઓના નિર્માણમાં ગુરૂકુલ એકેડેમી પાયાનો રોલ નિભાવશે.'

અમદાવાદઅનેગાંધીનગરના સિવિલ સર્વિસીસના એકસપર્ટ ફેકલ્ટી ગુરૂકુલ એકેડેમીમાં વિદ્યાર્થીઓને ખાસ કોચિંગનો લાભ આપશે. પ્રથમ બેચ ફેબ્રુઆરી ૨૦૨૬ થી શરૂ થનાર છે. જેના માટે ૭૫૭૫૮૦૪૪૨૩ શાંતિગ્રામ ઓફિસનો સંપર્ક કરવાનું સૂત્રોએ જણાવ્યું છે.




### ધારાસભ્ય તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત થયુ

## બાબરાના શીરવાણીયા ગામે પંચાયત ભવનનું નિર્માણ કાર્ય શરૂ થયું

### ગ્રામ્ય વિસ્તારમાં વધુ એક વિકાસ તરફી પગલું



અમરેલી, તા. ૨૯

બાબરા તાલુકાના શીરવાણીયા ગામમાં આજે ગામના સર્વાંગી વિકાસની દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ કાર્યનો પ્રારંભ થયો. ગામની પ્રગતિ, લોકસેવા અને પ્રશાસનને વધુ મજબૂત બનાવવા માટે થનારા નવા પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયાના વરદ હસ્તે વિધિવત્ રીતે પૂર્ણ થયું.

શીરવાણીયા ગામે વર્ષોથી એક સુવિધાસભર, આધુનિક અને સુવ્યવસ્થિત પંચાયત ભવનની જરૂરિયાત અનુભવી રહી હતી. નવું પંચાયત ભવન બનવાથી ગ્રામ પંચાયતની તમામ કામગીરી વધુ કાર્યક્ષમ થશે, લોકો માટે સરકારી યોજનાઓ અને સેવા મેળવનામાં સુવિધા અને પારદર્શિતા વધશે, ગામના વિકાસ સંબંધિત બેઠક, આયોજન અને તાલીમ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે, ગામજનોને દૈનિક પ્રશાસન સંબંધિત કામગીરી માટે એક જ છત નીચે સુવિધા મળશે.

ખાતમુહૂર્ત પ્રસંગે ઉદ્બોધન કરતાં ધારાસભ્યએ જણાવ્યું કે રાજય સરકાર અને તેઓ પોતે ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. રાજયમાં ગામોની આત્માનિર્ભરતા અને સુશાસન મજબૂત બનાવવા માટે પંચાયત ભવનોનું નિર્માણ અત્યંત જરૂરી છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે શીરવાણીયા ગામ માટે આગામી દિવસોમાં અન્ય વિકાસ કાર્યો પણ હાથ ધરવામાં આવશે જેથી ગામની સુવિધાઓમાં ગતિ મળે.

આ પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સભ્યો, તાલુકા ભાજપના પ્રમુખ, તાલુકા ભાજપના મહામંત્રી, ગામના સરપંચ, ગામના આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. સૌએ આ મહત્વપૂર્ણ વિકાસ કાર્યોને હર્ષભેર આવકાર્યા અને ધારાસભ્યના સતત પ્રયત્નોની પ્રશંસા કરી.

## અમૃતવેલમાં અમૃત સમાન જુના સંસ્મરણો વાગોળતા પૂર્વ સાસંદ



સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ ખાતે સુરત સ્થિત અગ્રણી ઉદ્યોગપતિ અને સ્નેહી પરશોત્તમભાઈ રાદડિયાજીના આંગણે મિત્ર મંડળ સંગ ' 'રાત્રિવાળું'' સાથે જૂન સંસ્મરણો અને ગોઠડીનીએ યાદગાર વાતો વાગોળતાં પૂર્વ સાસંદ નારણભાઈ કાછડીયા આ તકે ઉપસ્થિત મિત્રો સાથે જૂની યાદો તાજી કરી, તેમજ સાથે ભણેલા રમેલા અને સુખ–દુઃખમાં સાથ આપેલા જૂના દોસ્તોને પણ યાદ કરવામાં આવેલ. આમ વ્યકિત ભલે ગમે તે પદ કે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે દોસ્તીનો દસ્તાવેજ જૂના સંસ્મરણો હંમેશા લીલાછમ રહે છે. અને યોગ્ય સમયે એને વાગોળવાનો અવસર પણ પ્રાપ્ત થાય છે.

જહા ચાર યાર મિલ જાયે વહીં બાતેં હે જાનદાર.

## શાખાનાં પુષ્પો

રજુઆત **શ્રી અર્જુન ગઢિયા** અમરેલી

એક વખત એક વ્યક્તિ તેના બળદ જોડેલા ગાડાને નજીકના ગામે લઈ જતો હતો.ગાડાના માર્ગમાં કાદવ આવતા પૈડાં તેમાં ખૂંપી ગયા. પોતાના પ્રારબ્ધનો દોષ કાઢતો અને આ મુસીબતમાંથી પોતાને બહાર કાઢવા તે ઈશ્વરને પ્રાર્થના કરતો ત્યાં જ બેસી રહ્યો. થોડા સમય પછી ત્યાંથી એક મુસાફર નીકળ્યો. તેણે પહેલાને હાથ જોડીને બેસેલો તથા પોતાની અવદશા પર રડતો જોયો. તે મુસાફરે પહેલા વ્યક્તિને ઊભા થઈ થોડી મહેનત કરવા અને પોતાને સાથ આપવા જણાવ્યું. જોતજોતામાં ગાડું બહાર નીકળી ગયું. **સોડમ :** માત્ર નસીબ પર રડવાને બદલે જો યોગ્ય દિશામાં મહેનત કરવામાં આવે તો, મહેનતનું ફળ અવશ્ય મળે છે. ' સ્વાવલંબન સેવનારાઓને સર્વેશ્વર સહાય કરે છે.




જિલ્લાનાં માર્ગો ઉપર આડેધડ દોડતા વાહનો પર રોક જરૂરી

# ધારી : દેવળા થી ખીચા માર્ગ ઉપર રીક્ષા અને કાર અથડાતા ૧ મહિલાનું મોત થયુ

## અન્ય ૭ વ્યકિતઓને ઈજા થતાં સારવારમાં ખસેડાયા



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં અલગ અલગ બે અકસ્માતમાં બે લોકોનાં મોત નિપજયાં હતાં. જયારે ૭ જેટલાં લોકોને નાની

અનુસંધાન પાના ૬ ઉપર







સ્ટેશન રોડ, ટ્રાવેલ્સ રોડ, માર્કેટયાર્ડ, તાલુકા શાળા પાછળ સહિતનાં વિસ્તારમાં

# બગસરા શહેરમાં ટ્રાફિક સમસ્યા માથાનાં દુઃખાવારૂપ લોક દરબારમાં અવારનવાર રજૂઆત છતાં પરિણામ શૂન્ય

## એલઆરડી જવાનો મોટાભાગે મોબાઈલમાં વ્યસ્ત જોવા મળે


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯

બગસરામાં દિન પ્રતિદિન દબાણ અને ટ્રાફિકની સમસ્યા એક માથાનાં દુઃખાવો સમાન થઈ ગયું છે. ત્યારે અનેકવાર ઈન્સ્પેકશન હોય કે લોક દરબાર જેમાં આગેવાનો દ્વારા દબાણ અને ટ્રાફિક સમસ્યાનો હલ કરવા માટે રજૂઆત કરેલ હોય છતાં આ બાબતે કાંઈ પણ થતું નથી અને સ્ટેશન રોડ, ટ્રાવેલ્સ રોડ, માર્કેટિંગ યાર્ડ પાસે તથા તાલુકા શાળા પાછળ, સુજલ હોસ્પિટલ પાસે ફોર વ્હીલ ચાલકો પાર્કિંગ કરી ચાલ્યા જતા હોય. ત્યારે રોડ ઉપર વાહનોના થપા લાગી જાય છે. જેને કામગીરી સોંપવામાં આવી છે તે આંટાફેર અને આશીર્વાદ સિવાય બગસરામાં કશું થતું નથી. ગોંડલીયા ચોક તથા મેઈન વિસ્તારોમાં જી.આર.ડી. મહિલાઓને મૂકવામાં આવે છે તે પણ એક જગ્યાએ બેસીને મોબાઈલમાં વ્યસ્ત હોય અને ટ્રાફિક સમસ્યા હલ થતી નથી. તેમજ બગસરામાં દબાણની સમસ્યા પણ વધી જતા લોકોમાં બગસરાની આસપાસ પસાર થવામાં પણ મોટી સમસ્યાનો સામનો કરવો પડે છે. સોમવારે વેચવા આવતા ફેરીયા આડેધડ પાર્કિંગ કરી બેસી જાય છે. પેલા પી.આઈ. ડી.વી. પ્રસાદ દ્વારા ટ્રાફિક તથા દબાણની સમસ્યા હલ કરી હતી ત્યારબાદ બદલી થતાં ફરી બગસરામાં અવ્યવસ્થા ઊભી થઈ છે. આ બાબતે જો આગળ કાર્યવાહી કરવાની આવે તો અમરેલી જિલ્લાના કાયદા મંત્રીને પણ સંસ્થા દ્વારા લેખિત જાણ કરવામાં આવશે. ત્યારબાદ ના છૂટકે ગાંધી ચિંધીયામાર્ગે જવું પડશે તેવું સંસ્થા તથા લોકોમાં ગણગણાટ જોવા મળ્યો છે.

કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

# અમરેલી : મોટા માંડવડા ગામે યુવતીએ કૂવામાં છલાંગ લગાવી

## નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ



અમરેલી, તા. ૨૯

અમરેલીના મોટા માંડવડા ગામની સીમ વિસ્તારમાં શોકજનક ઘટના સામે આવી છે. અહીં ૨૫ વર્ષીય ખેત મજૂર યુવતીએ અગમ્ય કારણોસર કૂવામાં ખાબકી જતા મોતને ભેટી છે. આ ઘટના મોટા માંડવડાના કનુભાઈ બારડની વાડીમાં આવેલા કૂવામાં બની હતી જેને લઈને વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ મીનાબેન કાલીયા રોજિંદા કામકાજ માટે ખેત મજૂરી કરતી હતી. કોઈ અસ્પષ્ટ કારણોસર તેણી કૂવામાં પડી જતા ઘટનાની જાણ થતા આસપાસના લોકોએ તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. માહિતી મળતાની સાથે ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર ટીમે કૂવામાંથી યુવતીને બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી હતી જયાં તબીબોએ તેણીને મૃત જાહેર કરી હતી.

ઘટનાની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. હાલ પોલીસ દ્વારા યુવતી કયા સંજોગોમાં અને કેમ કૂવામાં પડી તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. અકસ્માત હતો કે અન્ય કોઈ કારણ તે દિશામાં વિવિધ પાસાઓ પરથી તપાસ ચાલી રહી છે. ઘટનાને લઈને ગામ અને આસપાસના વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)